સુવિચાર

''ખીલવા અને ખરવાની ક્ષણો વચ્ચે મહેકવાની આવડત હોય, એ જ સુગંધ પ્રસરાવી શકે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૧/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ કારતક વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૨૮૬


## થોડા-થોડા અંતરે જુદા-જુદા ૪ મંદિરોને નિશાન બનાવતી તસ્કર ટોળી

# લીલીયા મોટા પંથકમાં મંદિર ચોરીની ઘટનાની હારમાળા સર્જાઈ

### સુપ્રસિધ્ધ અંટાળીયા મહાદેવ મંદિરને પણ તસ્કરોએ નિશાન બનાવ્યુ

### પ્રેમ સાહેબ આશ્રમ તેમજ જુદા-જુદા ૨ ખોડિયાર મંદિરને પણ તસ્કરોએ નિશાન બનાવ્યુ

### ધાર્મિક સ્થાનોમાં ચોરીની ઘટના બનતાં ધાર્મિકજનોમાં પણ નારાજગીનો માહોલ ઉભો થયો

### તસ્કર ટોળીનું કારસ્તાન સીસીટીવી કેમેરામાં કેદ થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો




અમરેલી, તા. ૧૯

લીલીયા તાલુકાના અંટાલીયા મહાદેવ મંદિર સહિતના ચારથી વધુ મંદિરોમાં તસ્કરોએ તાળાં તોડી અને દાનપેટીની રકમની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. ત્યારે તસ્કરો સતત મંદિરોને નિશાન બનાવતા તસ્કરોને કારણે સ્થાનિક ભકતોમાં ભારે અસંતોષ ફેલાયો છે. આ સમગ્ર ઘટનાનો સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં ચાર તસ્કરો ચોરી કરતાં કેદ થયા છે. પોલીસ ફૂટેજના આધારે તપાસ શરૂ કરી ચૂકી છે. ત્યારે તસ્કરોના તરખાટથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

આ બનાવમાં લીલીયા તાલુકાના સુપ્રસિદ્ધ અંટાલીયા મહાદેવ મંદિર, પ્રેમ સાહેબ આશ્રમ તેમજ બે ખોડીયાર માતાના મંદિરોમાં તસ્કરોએ રાત્રિના સમયે ગેરકાયદે પ્રવેશ કરી દાનપેટી તોડી નાંખી દાનપેટીમાં રહેલ રકમની ચોરી કરી લઈ ગયા હતાં. ઉપરાંત લીલીયા-જાત્રુડા

અનુસંધાન પાના ૬ ઉપર

### મોબાઈલ ઉપર વાતચીતમાં ઉગ્ર બોલાચાલી થયા બાદ

## અમરેલીની શ્રીરંગ સોસાયટીમાં રહેતા યુવક ઉપર થયો હુમલો

### જસદણ ખાતે રહેતાં 3 વ્યકિતઓ સામે ફરિયાદ



અમરેલી, તા. ૧૯

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ શ્રી રંગ સોસાયટીમાં રહેતાં અને ક્રાકચ ગામે આવેલ સહકારી બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કરતાં ગૌતમભાઈ હનુભાઈ વાળા નામનાં ૩૯ વર્ષીયયુવકને આજથી આશરે ચારેક દિવસ પહેલા રાત્રીના સમયે તેમનાં દુરના સગા જસદણ ગામે રહેતાં આરોપી દેવકુભાઈ ભગુભાઈ વાળાએ ફોન કરી કોઈપણ કારણ વગર યુવકને ફોનમા જેમ તેમ બોલતા આરોપી દેવકુભાઈ વાળા અને યુવક વચ્ચે ઉગ્ર બોલાચાલી થયેલ હતી. જે બાબતે આરોપીએ દાઝ રાખેલ હોય અને ગઈકાલે ક્રાકચ ગામે નોકરી દરમિયાન

અનુસંધાન પાના ૬ ઉપર

### રાત્રિ સમયે ઠંડીનો જોરદાર પ્રભાવ

## શહેરીજનો બિછાનામાં ગોદડું ઓઢીને પોઢતાં જોવા મળેલ

### સાવરકુંડલામાં ઓરિજીનલ શિયાળાનો માહોલ



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા શહેરમાં પણ તાપમાનનો પારો સડસડાટ નીચે

અનુસંધાન પાના ૬ ઉપર

### વેલ્ડિંગનું કામ કરતા હોય બનાવ બન્યો

## અમરેલીમાં માણેકપરા વિસ્તારની હોસ્પિટલનાં ૪થા માળેથી નીચે પટકાતા શ્રમિકનું મોત

### મૃતક વરસડા ગામના ભાવિનભાઈ સરખેદી હતા

અમરેલી તા. ૧૯

અમરેલી તાલુકાનાં વરસડા ગામે આવેલ સદગુરૂ નગરમાં રહેતાં ભાવિનભાઈ જેઠાભાઈ સરખેદી નામનાં ૩૨ વર્ષીય યુવક

અનુસંધાન પાના ૬ ઉપર

### બારપટોળી ગામનાં દિલુભાઈ કોટીલા સામે આરોપ

## રાજુલાની શિક્ષક સોસાયટીમાં રહેતાં વૃધ્ધ સાથે રૂપિયા ૯ લાખનો થયો વિશ્વાસઘાત

### સ્થાનિક પોલીસે વૃધ્ધની ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૧૯

રાજુલા ગામે આવેલ શિક્ષક સોસાયટીમાં રહેતા પ્રમોદભાઈ નંદલાલ જોષી નામના ૬૦ વર્ષિય વૃધ્ધને ફલેટ વેચાણ કરવાનો હોય, જેથી

અનુસંધાન પાના ૬ ઉપર










## પ્રાથમિક શાળામાં ૧ વર્ષથી આચાર્યા દ્વારા ગેરવર્તુણુંક થતી હોવાના વિરોધમાં

# ખાંભાનાં બોરાળા ગામની પ્રાથમિક શાળાને તાળાબંધી કરી દેવામાં આવી

**વાલીઓ અને ગ્રામજનો દ્વારા શાળાબંધી કરતાં ઈન્ચાર્જ ટીપીઓ શાળાએ દોડી ગયા**

**ગ્રામજનોની માંગને લઈને આચાર્યાની હનુમાનપુર પ્રાથમિક શાળામાં બદલી કરવામાં આવી**

**આચાર્યાની બદલી કરતાં પૂનઃ શાળામાં રાબેતા મુજબ શિક્ષણ કાર્ય શરૂ થયું**

**ગીરકાંઠાનાં ગામમાં બનેલ ઘટનાથી શિક્ષણપ્રેમીઓમાં ચર્ચા શરૂ થઈ**




અમરેલી, તા. ૧૯

ખાંભામાં આવેલ ગીર વિસ્તારની બોરાળા પ્રાથમિક શાળામાં અચાનક તણાવ સર્જાયો હતો. જયારે ધોરણ ૧થી ૪ની શાળાના આચાર્ય સરોજબેન ગોધાણીના વર્તન સામે વાલીઓએ ખુલ્લેઆમ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને વાલીઓએ આચાર્ય દ્વારા સતત ખરાબ વર્તન, અયોગ્ય બોલચાલ અને શાળાના વાતાવરણને ખરાબ બનાવવાના આક્ષેપ સાથે શાળા ખાતે તાળાબંધી કરીને વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિકોમાં આ મુદ્દે ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદ ચાવડા અને ખાંભા તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ભટ્ટ શાળાએ પહોંચી ગયા હતા. તેમણે વાલીઓ સાથે ચર્ચા કરીને પરિસ્થિતિ શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે વાલીઓએ સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરી હતી કે, આ સ્કૂલનાં આચાર્યના વલણના કારણે બાળકો શાળાએ જવામાં અચકાય છે અને શૈક્ષણિક વાતાવરણ પણ બગડી રહ્યું છે.

લગભગ ૧૫ મિનિટની ચર્ચા અને સમજાવટ બાદ શિક્ષણ વિભાગે તરત જ નિર્ણય લઈ આચાર્યા સરોજબેન ગોધાણીની બદલી કરી તેમને હનુમાનપુર શાળામાં કાર્ય માટે મુકયા હતા. વાલીઓની મુખ્ય માંગણી હતી કે આચાર્યાને બદલી કરીને બાળકો માટે સકારાત્મક અને સ્વસ્થ શૈક્ષણિક માહોલ ઉભો કરવામાં આવે.

આ શાળાના આચાર્યા સરોજબેન ગોધાણીની બદલી કરાયા બાદ વાલીઓએ તાળાબંધી હટાવી દીધી હતી અને શાળાનું નિયમિત શિક્ષણ કાર્ય ફરી શરૂ થયું હતું. આ બનાવ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વાલીઓ હવે પોતાના બાળકોના શિક્ષણ અને શાળાના વાતાવરણ અંગે ગંભીર અને જાગૃત બની રહ્યા છે.

બોરાળા ગામના ગામજનો અને વાલીઓના આક્ષેપને લઈ બોરાળ ા પ્રાથમિક શાળાના આચાર્યા સરોજબેન ગોધાણીએ જણાવ્યું હતું કે કોઈ ખરાબ રીતે ટચ કર્યુ હોય કે મારો મોટો અવાજ હોવાથી ગામજનો અને વાલીઓ ગેરવર્તન સમજી રહ્યા છે તેવો ગોળ ગોળ જવાબ આપ્યો હતો.

બોરાળા ગામની પ્રાથમિક શાળામાં ગામજનો અને વાલીઓ દ્વારા તાળાબંધી કરતા ખાંભાના ઈન્ચાર્જ ટીપીઓ તાબડતોડ બોરાળા ગામની પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા અને ગામજનો અને વાલીઓના પ્રશ્ને શાળાને તાળાબંધીનું સુખદ સમાધાન થાય તે માટે થઈને સ્થળ પર જ ડી.પી.ઓ.ના આદેશ અનુસાર બોરાળા પ્રાથમિક શાળાના આચાર્યા સરોજબેન ગોધાણીને તાત્કાલિક હનુમાનપુર ગામની પ્રાથમિક શાળા ખાતે કામગીરી કરવા મૂકી આપવામાં આવ્યા હતા અને બોરાળા પ્રાથમિક શાળાના આચાર્યા તરીકે અનિલાબેન બોરીચાને ચાર્જ આપવામાં આવ્યો હતો અને સ્થળ પર જ પંચરોજકામ કરી લેખિતમાં બાંહેધરી આપતા ગામજનો દ્વારા શાળાની શાળાબંધી ખુલ્લી કરી હતી.

## શ્રી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયુ

**ચકકરગઢ માર્ગ ઉપર સફાઈની કામગીરી હાથ ધરી**



અમરેલી, તા. ૧૯

અમરેલી ખાતે આવેલ શ્રી જિલ્લા લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ સુરત સંચાલીત ગજેરા શૈક્ષણિક સંકુલની એન.એસ.એસની વિદ્યાર્થીનીઓએ રાબેતા મુજબની પ્રવૃતિના ભાગરૂપે ચકકરગઢ માર્ગ ઉપર સફાઈ કાર્ય હાથ ધરીને જનજાગૃતિ ઉજા કરવાનાં ઉમદા પ્રયાસ કર્યો હતો.

## પશુ હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ, જીઆઈડીસી સહિતની સુવિધા નથી

# વડિયા : એક સમયે સીંગદાણા ઉદ્યોગનું હબ ગણાતો વિસ્તાર આજે રોજગાર વિહોણો બન્યો

**આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પ્રાથમિક સુવિધાઓનો અભાવ**

વડિયા, તા. ૧૯

દેશમાં છેલ્લા એક દસકાથી અને રાજયમાં ત્રણ દસકાથી ભારતીય જનતા પાર્ટીનું સાશન છે. વિકાસના નામે રાજનીતિ કરતી આ પાર્ટીની સમગ્ર દેશ અને ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી ડબલ એન્જીનની સરકાર છે. મોસળે જમણવાર અને માં પીરસણી હોય ત્યારે સ્વાભાવિક છે કે માંગ્યા મુજબના વિકાસ કાર્યોની મંજૂરી મળે પરંતુ છેલ્લા ત્રીસ વર્ષમાં ગુજરાતમાં ભાજપનુ શાસન છે તો સ્વાભાવિક રીતે ગામડાઓનો વિકાસ થાય, નાના શહેરો મોટા બંને, મોટા ગામડાઓ શહેરો બંને પરંતુ અમરેલી જિલ્લાનુ છેવાડાનું ગ્રામીણ તાલુકા મથક એવુ વડિયા ગામની સ્થિતિ ત્રીસ વર્ષમાં વિકાસની દિશામાં આગળ વધવાના બદલે અધોગતી તરફ ધકેલાતું જતુ હોય તેવુ જોવા મળી રહ્યું છે. એક સમયે વડિયાએ સીંગદાણા ઉદ્યોગનુ હબ ગણાતું હતુ સાથે સીંગતેલના પણ નામાંકિત ઉદ્યોગ અહીં અસ્તિત્વ ધરાવતા હતા સાથે આસપાસના વિસ્તારના લોકોનું એક મોટુ ખરીદીનુ સેન્ટર વડિયા ગણાતું હતુ. તે સમયે વડિયામાં મનોરંજન માટે ફિલ્મ થિયેટર પણ હતુ. છેલ્લા ત્રીસ વર્ષમાં વડિયામાં સીંગદાણાના ઉદ્યોગ, સીંગતેલ ઉદ્યોગ, ફિલ્મ થિયેટર, શાકમાર્કેટ, ટ્રેઝરીઓફિસ, બેન્ક કરન્સી, પીટીસી કોલેજ, તાલુકા પંચાયત કચેરી, તાલુકાની, તાલુકાની તમામ કચેરીઓ અસ્તિત્વ ધરાવતી હતી. તે સમયાંતરે રાજકીય કિન્નખોરીથી ધીમે ધીમે વડિયામાંથી અન્ય સ્થળે સ્થળાતરીત થતા વડિયામાં ખેતી સિવાય હવે કોઈ રોજગારીનો સ્ત્રોત વધ્યો નથી. એક સમયનુ ઔદ્યોગિક હબ સાથે ખરીદીનુ સેન્ટર ગણાતા વડિયામાથી આજે દર મહિને બે ત્રણ પરિવાર શહેરોમાં રોજગાર અર્થે સ્થળાતરીત થતા જોવા મળી રહ્યા છે. ગત બંને ટર્મમાં વિરોધપક્ષના ધારાસભ્ય હોવાના નાતે સતાધારી પક્ષનુ આ વિસ્તાર માટે ઓરમાયું વર્તન હોય તે સ્વીકારી શકાય પરંતુ વર્તમાન સમયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વડિયા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભ્ય અને સાંસદસભ્ય તમામ સતાધારી પક્ષ સાથે જોડાયેલા લોકો છે. એટલે અહીં હાલ ગ્રામપંચાયતથી માંડીને સાંસદ સુધી ભાજપ સરકારનુ રાજ અસ્તિત્વ ધરાવે છે. આ વિસ્તારના લોકોએ ખોબલે ખોબલે મત આપીને ચૂટેલા ધારાસભ્ય કૌશિક વેકરીયા જે હાલ મહત્વના ખાતાઓ સાથે રાજય સરકારમાં મંત્રી તરીકે સેવા આપે છે ત્યારે વડિયાને ફરી ધમધમતું કરવા તે આગળ આવે તેવી આશા અને અપેક્ષાઓ લોકો રાખીને બેઠા છે. વડિયામાં જરૂરી પ્રાથમિક સુવિધાઓના અભાવ સાથે વિકાસની અનેક તકો રહેલી છે જેમા વડિયાની મધ્યમાંથી પસાર થતી સુરવો નદી પર રિવરફ્રન્ટ, જીઆઈડીસી, અમરનગર રોડ પર આવેલી બીજ વિકાસની જગ્યામાં બીજ પ્રોસેસિંગ યુનિટ, કંપની સીએનજી પમ્પ, તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલ, વિશ્રામગૃહ, તાલુકા કક્ષાની પશુ હોસ્પિટલ, સરકારી કર્મચારીઓ માટેના આવાસ, સરકારી સ્કૂલ, કોલેજના અધ્યત બિલ્ડીંગ સાથે લાંબા અંતરની બસ સેવા અને ટ્રેન સેવા, એસટી બસ ડેપો, વન વિભાગની વાઈલ્ડ લાઈફ કચેરી જેવી અનેક સુવિધાઓ હાલ વડિયા ઝંખી રહ્યું છે. હાલ ટોપથી બોટમ સુધી ભાજપનુ રાજ છે મોસળે જમણવાર અને માં પીરાસણી હોય ત્યારે મંત્રી કૌશિક વેકરીયા પાસે આ વિસ્તારના લોકો આ સુવિધાઓ અને સેવાઓ માટે અપેક્ષા રાખી રહ્યા છે આવનાર દિવસોમાં દીર્ઘ દ્રષ્ટિથી વિચારી આ મહત્વની પાયાની સુવીધાઓનો વિકાસ થાય તો વડિયાને ભાંગતું બચાવી શકાય સાથે ઉદ્યોગોના વિકાસ સાથે નવી રોજગારીની તકોનો અવકાશ વધતા ખેતી પરથી વસ્તીનું ભારણ ઘટતા શહેર તરફનુ સ્થળાતર અટકાવી શકાય અને ભગવાન રામની સાક્ષીએ શિવાજીના ચોકમાં માંગેલા મતને લોકોએ ખોબલે ખોબલે આપ્યા તે આપેલા મતનુ વળતર લોકોને મળી શકે આ બાબતે વર્તમાન સરકારના મંત્રી કૌશિક વેકરીયા વડિયા વિસ્તારના લોકોની અપેક્ષા સંતોષવા કેટલા ખરા ઉતરે છે તે તો આવનારો સમય જ બતાવશે.

## પંચાયત, પાલિકાના બાકી વેરો ભર્યા બાદ જરૂરી કામગીરી કરવાનુ કહેતા શાસકો

# પંચાયત અને પાલિકાએ ખેડૂત સહાય અને એસઆઈઆરની કામગીરી વેળા અરજદારો પાસે બાકી ઉઘરાણી શરૂ કરી

**જરૂરિયાતમંદ અરજદારોમાં નારાજગીનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૧૯

અમરેલી, લીલીયા સહિતના વિસ્તારમાં પંચાયત અને પાલિકા દ્વારા ખેડૂતોને સહાય ફોર્મ સ્વીકારવા કે એસઆઈઆર માટે જરૂરી જન્મનું પ્રમાણપત્ર આપવા માટે બાકી વેરાની ઉઘરાણી અરજદારો પાસેથી કરવામાં આવતી હોવાની ફરિયાદ ઉભી થઈ છે. એક તરફ સરકાર ખેડૂતોને કમોસમી વરસાદથી થયેલ નુકસાન ને લઈને અર્થિક મદદ કરી રહી છે તેવા સમયે લીલીયા સહિતની અમુક પંચાયતો કે જેઓ બાકી વેરો ઉઘરાવવામાં નિષ્ફળ નિવડી છે તેઓએ તક નો લાભ લેવા માટે ખેડૂતો પાસેથી બાકી વેરાની વસુલાત શરૂ કરી છે, જો કે આ અંગે લીલીયાના ઈન્ચાર્જ ટીડીઓ એ બાકીવેરાની ઉઘરાણી ફોર્મ માટેની કામગીરીમાં ન કરવા સુચના આપી છે.

અમરેલી પાલિકામાં કોઈ અરજદાર એસઆઈઆર માટે જરૂરી જન્મનું પ્રમાણપત્ર લેવા જાય તો તેમને પણ બાકી વેરો ભરવા દબાણ કરવામાં આવતુ હોવાની ફરિયાદ ઉભી થઈ હોય જિલ્લાનાં ઉચ્ચ અધિકારી આ અંગે જરૂરી સુચના આપે તેવી માંગ અરજદારો કરી રહ્યા છે.

# અમરેલીનાં આંગણે ''લાલો... કૃષ્ણ સદા સહાયતે'' ફિલ્મનાં કલાકારોનુ આગમન






ગુજરાતી ફિલ્મ જગતમાં સર્વત્ર ચર્ચામાં રહેલી અને બોક્સ ઓફિસ પર હિટ સાબિત થયેલી ફિલ્મ લાલો.. કૃષ્ણ સદા સહાયતેના કલાકારો લાઠી રોડ પર આવેલ વજુભાઇ ગોલની દાદાની વાડીમાં મહેમાનગતિ માણવા માટે પધારેલ હતા. ફિલ્મના હીરો કરણ જોષી, ભગવાન શ્રી કૃષ્ણના પાત્રમાં અભિનય કરનાર શ્રુહદ ગૌસ્વામી, દિગ્દર્શક અંકિત સખીયા તેમજ ફિલ્મ સાથે સંકળાયેલા અન્ય કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. દાદાની વાડી પર કલાકારોના આગમન વખતે પટેલ મંડપ સર્વિસ પરિવાર તરફથી વજુભાઈ ગોલ, જયવંતભાઈ ફીણાવા, ધવલભાઈ ગોલ, અલ્પેશભાઈ જાવીયા, પિયુષભાઈ હિરપરા, રોનકભાઈ ગોલ, તુલસીબેન ગોલ વગેરે દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ કલાકારોને ફૂલહાર અને શાલ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. દિગ્દર્શક અંકિત સખીયાએ ફિલ્મના મુદ્દાઓ સમજાવતા જણાવ્યું કે આ ફિલ્મના મુખ્ય પાત્ર લાલો તેની ભૂતકાળની પીડા અને સંઘર્ષ વચ્ચે એકાંતમાં દૂર દૂર જંગલ વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસમાં ફસાઈ જાય છે. જયાં તેને ભગવાન શ્રી કૃષ્ણના આધ્યાત્મિક દર્શન થવા લાગે છે. લાલોની આ યાત્રા માત્ર મુકિત નહી, પરંતુ શ્રદ્ધા, ક્ષમા, માનવીય સંબંધો અને આત્મસંશોધનની અદભૂત અનુભૂતિ કરાવે છે. ફિલ્મના હીરો કરણ જોષીએ જણાવેલ કે ઓછી બજેટમાં બનેલી ગુજરાતી ફિલ્મ જો હૃદયથી અને સત્યનિષ્ઠાથી બનાવવામાં આવે તો તે પ્રેક્ષકોના દિલમાં ઊંડી છાપ મૂકી શકે છે અને બોક્સ ઓફિસ પર અપેક્ષિતથી વધુ સફળતા મેળવવામાં સક્ષમ બને છે. ભગવાન શ્રીકૃષ્ણના પાત્રમાં અભિનય કરનાર શ્રુહદ ગૌસ્વામીએ વાતચીતમાં જણાવેલ કે આ ફિલ્મમાં કૃષ્ણની ઉપસ્થિતિ લાલોની આધ્યાત્મિક યાત્રાને માર્ગદર્શન આપે છે અને સમર્પણ, પ્રેમ, સંઘર્ષ અને આત્મશોધને એક વિશેષ ઊંચાઈ આપે છે. દાદાની વાડી ખાતે યોજાયેલી આ મુલાકાતે સ્થાનિક પ્રેક્ષકો અને ચાહકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. દરેક કલાકારોએ વાડીની સાદગી અને સ્નેહ ભરી મહેમાનગતિ માણીને રાત્રી રોકાણ સાથે મીઠી યાદો અહીં છોડી ગયા હતા. ગુજરાતી ફિલ્મ જગતમાં આધ્યાત્મિક અને સામાજિક મુદ્દાઓને સ્પર્શતી આ ફિલ્મ દ્વારા નવી દિશા ઉભી કરવા બદલ પટેલ મંડપ પરિવાર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

## પાલિકા કચેરીનું લોકાર્પણ, માર્ગોનું ભૂમિપૂજન, સન્માન, સ્નેહમિલન સહિત

# બાબરામાં શનિવારે ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને વિવિધ કાર્યક્રમો

### સાંસદ ભરત સુતરીયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, ધારાસભ્ય જનક તળાવીયા સહિતનાં આગેવાનો પણ જોડાશે

### સત્તા પક્ષનાં દિગ્ગજોનું એકી સાથે આગમન થવાનું હોય તડામાર તૈયારીઓ

### શહેરમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત થવાનું હોય શહેરીજનો પણ ખૂશ

### પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી ચેરમેન અશ્વિનભાઈ મકવાણાની આગેવાનીમાં તડામાર તૈયારીઓ










બાબરા, તા. ૧૯

બાબરામાં આગામી તા. ૨૨ નવેમ્બરને શનિવારના રોજ બપોરના ૩:૫૦ કલાકે રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને વિવિધ કાર્યક્રમોનું આયોજન નગરપાલિકા અને શહેર ભાજપના સયુંકત ઉપક્રમે યોજાશે. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયતના સભ્ય નિતીનભાઈ રાઠોડ, પ્રભાતભાઈ કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, મહામંત્રી રાજુભાઈ વિરોજા, સુરેશભાઈ વાઘેલા તેમજ શહેર ભાજપ પ્રમુખ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, મહામંત્રી રમેશભાઈ સાંગડીયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, તાલુકા પંચાયતના પ્રમુખ વિલાબેન રામાણી, ઉપ પ્રમુખ વિઠ્ઠલભાઈ ગ્રાભણીયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, બીપીનભાઈ રાદડિયા, ભુપતભાઈ બસિયા, અશોકભાઈ રાખોળિયા, જિલ્લા યુવા ભાજપ મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, મનસુખભાઈ પલસાણા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, રસિકભાઈ ગોજારીયા, તાલુકા યુવા ભાજપના પ્રમુખ અમરશી વાઘેલા, મહામંત્રી લલિતભાઈ વેકરિયા, તાલુકા ભાજપના અગ્રણી અજિતભાઈ ખોખરીયા, મહેશભાઈ ભાયાણી, ભરતભાઈ બૂટાણી, નગરપાલિકા સભ્યો, તાલુકાના પંચાયતના સભ્યો અને શહેર અને તાલુકાના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

અહીં રાજય સરકાર મંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને શહેર ભાજપના સયુંકત ઉપક્રમે આયોજિત વિવિધ કાર્યક્રમમાં રૂા. ૨.૬૦ કરોડના ખર્ચે નિર્મિત આધુનિક નગરપાલિકા કચેરીનું કૌશિકભાઈ વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. તેમજ શહેરના તમામ વોર્ડમાં રોડ રસ્તા માટે આશરે રૂા. ૪ કરોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે અને ત્યારબાદ શહેર ભાજપનું સ્નેહમિલન યોજાશે અને ત્યારબાદ રાજય સરકારમાં મંત્રી બન્યા બાદ પ્રથમવાર ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા બાબરા આવતા હોવાથી તેમનો ભવ્ય સન્માન સમારંભ યોજાશે. જેમાં પ્રથમ નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર સહિત તમામ સભ્યો દ્વારા સન્માન કરવામાં આવશે અને ત્યારબાદ ભાજપના વિવિધ અગ્રણીઓ, તાલુકા, જિલ્લાના શહેરના અગ્રણીઓ દ્વારા અને શહેરના દરેક સમાજ તેમજ સ્થાનિક યુવક મંડળ, સેવાકીય સંસ્થાઓ, જિન એસોશિયન, માર્કેટીંગયાર્ડ, નાગરિક સહકારી બેન્ક, જીવદયા પરિવાર, ગૌરક્ષક, શહીદ ભગતસિંહ યુવા સમિતિ સહિત તમામ લોકો દ્વારા દ્વારા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાનું ભવ્ય સન્માન કરવામાં આવશે.

આગામી ૨૨ નવેમ્બરના રોજ આયોજિત ભવ્ય કાર્યક્રમોને સફળ બનાવવા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા સભ્યો, સંગઠનના કાર્યકર્તાઓ ધ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## બગસરામાં હાર્દિકભાઈ બામટાનું સન્માન કરાયું



બગસરા, તા. ૧૯

બગસરામાં પત્રકાર એસોસિએશનનાપ્રમુખહાર્દિકભાઈબામટાના જન્મદિનપ્રસંગેપત્રકારસમીરભાઈવિરાણી તથા દર્શનભાઈ ઠાકર ધ્વારા સાલ ઓઢાડી સન્માનિતકરવામાંઆવ્યાહતા.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય.........................૦૩
(૨) હેલ્પર..................................૦૩
(૨) મિકેનિક...............................૦૩
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 82005 00295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છૂટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES DRUM
DESTINI
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254





લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ)
6000 ચો.ફુ. જગ્યા
CCTV કેમેરાથી સજ્જ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઈ-ફાઈ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ અને કેટરીંગની સુવિધા
12 L.E.D. ફલડ લાઈટથી સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-Fi HYBRID





જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL





મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

### નક્સલી સંગઠનનો ટોચનો ટેક્નિકલ એક્સપર્ટ ઠાર

# સુરક્ષાદળોની મોટી કાર્યવાહી, હિડમા બાદ વધુ ૭ નક્સલીઓ ઠાર

**મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઇન્ટેલિજન્ટ ઇલેક્ટ્રોનિક ડિવાઇસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો**

અમરાવતી, તા.૧૯

આંધ્ર પ્રદેશના પૂર્વી ગોદાવરી જિલ્લાના મારેડુમિલ્લી અને જી.એમ. વાલસાના જંગલોમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ૭ નક્સલી માર્યા ગયા છે. મંગળવારથી શરૂ કરાયેલા સંયુક્ત ઓપરેશનના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લડ્ડાએ પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે અથડામણ દરમિયાન ૪ પુરુષ અને ૩ મહિલા નક્સલીઓ ઠાર થયા છે.

મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો. તે આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટી (AOBSZC)નો એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો અને ટેક્નિકલ ઓપરેશન્સ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતો હતો. સુરક્ષા એજન્સીઓ અનુસાર, ટેક શંકર એવો કેડર હતો જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં છત્તીસગઢ અને આંધ્ર-ઓડિશા બોર્ડર(AOB)વિસ્તારમાં સુરક્ષા દળો પર થયેલા લગભગ બધા મોટા લેન્ડમાઈન અને IED હુમલાઓનું ડિઝાઈનિંગ અને અમલ કર્યો હતો. પોલીસના કહેવા મુજબ, તે હથિયારોનું ઉત્પાદન, સંચાર પ્રણાલી અને વિસ્ફોટક ઉપકરણોની રચનામાં નિષ્ણાત હતો. તેની આ જ વિશેષજ્ઞતાને કારણે તે સંગઠનની ટેક્નિકલ કરોડરજ્જુ તરીકે ઓળખાતો હતો.છેલ્લા કેટલાક મહિનાઓથી, આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓ વધી રહી હોવાના અહેવાલો હતા. મળતી જાણકારી અનુસાર, નક્સલીઓ જંગલોની અંદર નવા ઠેકાણાઓ ઊભા કરી રહ્યા હતા, પોતાના કેડરને ફરી સક્રિય કરી રહ્યા હતા અને છત્તીસગઢ તરફથી નવા જૂથો રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ માહિતીના આધારે, આંધ્ર પ્રદેશ ગ્રેહાઉન્ડ્સ અને અન્ય એજન્સીઓએ મંગળવારે મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનના પરિણામે, બુધવારે સવારે જી.એમ. વાલસા વિસ્તારમાં અથડામણ થઈ.

એડીજી લડ્ડાએ માહિતી આપી કે અગાઉ ૧૭ નવેમ્બરે પણ સુરક્ષા દળોએ મારેડુમિલ્લી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી, જેમાં કુખ્યાત નક્સલી નેતા હિડમા સહિત છ નક્સલીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી મળેલી ગુપ્ત માહિતીને કારણે સંયુક્ત ટીમોને ઈમ્ વિસ્તારમાં ફેલાયેલા નક્સલી નેટવર્ક પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની દિશા મળી, જેના પગલે સતત ઘણા જિલ્લાઓમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યા.એડીજી લડ્ડાના જણાવ્યા મુજબ, તાજેતરમાં દ્રૂઈ, કૃષ્ણા, કાકીનાડા, કોનસીમા અને એલુરુ જિલ્લાઓમાંથી ૫૦ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા લોકોમાં કેન્દ્રીય સમિતિ, રાજ્ય સમિતિ, એરિયા કમિટી અને પ્લાટૂન ટીમના સભ્યોનો સમાવેશ થાય છે. આ એક ઐતિહાસિક ઘટના છે, કારણ કે સંગઠનના કોર કેડરને આટલા મોટા પાયે એકસાથે પકડવામાં આવ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.સુરક્ષા દળોએ આ અભિયાન દરમિયાન ૪૫ હથિયારો, ૨૭૨ કારતૂસ, બે મેગેઝીન, ૭૫૦ ગ્રામ વાયર તેમજ અનેક ટેક્નિકલ ઉપકરણો અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. એડીજી લડ્ડાએ જણાવ્યું કે ફિલ્ડ સ્ટાફે કોઈ પણ નુકસાન વિના અને સંપૂર્ણ યોજના મુજબ આ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું છે. ઈન્ટેલિજન્સ વિભાગે સતત નક્સલીઓની ગતિવિધિઓ પર દેખરેખ રાખીને યોગ્ય સમયની રાહ જોઈ અને પછી નિર્ણાયક પગલું ભર્યું.આ અથડામણ એવા સમયે થઈ છે જ્યારે સુરક્ષા એજન્સીઓ હાઈ-અલર્ટ પર છે. તેમની આશંકા છે કે છત્તીસગઢમાં દબાણ વધ્યા પછી ઘણા નક્સલીઓ આંધ્ર પ્રદેશમાં આશરો લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઓપરેશનને માઓવાદી સંગઠનના ટેક્નિકલ માળખા અને નેતૃત્વ પર એક મોટો ફટકો માનવામાં આવે છે અને તે સુરક્ષા એજન્સીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સફળતા છે.

### બાવન જેટલા સાપનું રેસ્ક્યુ કરાયું

# રાજકોટમાં ખેતલા આપા મંદિરમાં વન વિભાગનો દરોડો

**વન વિભાગના અધિકારીઓએ ગઈકાલે સાંજે દરોડો કરી મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયાની અટકાયત કરી**

રાજકોટ, તા.૧૯

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં માર્કેટિંગ યાર્ડ નજીમ આવેલું ખેતલા આપાનું મંદિર લોકો માટે અસ્થાનું કેન્દ્ર છે. મંદિરમાં અંદાજીત ૧૦૦ જેટલા સાપ રહે છે. લોકો આ સાપને ખેતલા આપા હાજરા હજુર છે તેનું માને છે. મંદિરમાં આવતા દર્શનાર્થીઓ સાપને હાથમાં લઈને દર્શન કરતા હોય છે. ભરવાડ સમાજના લોકો મોટી સંખ્યામાં ખેતલા આપા પર આસ્થા ધરાવે છે એટલે જ ખેતલા આપાના મંદિરે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શન માટે આવતા હોય છે. તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર ખેતલા આપા મંદિરનો વિડીયો વાયરલ થયો હતો. જે વિડીયો આધારે રાજકોટ શહેર ઉત્તર રેન્જ વન વિભાગના અધિકારીઓએ તપાસ કરાવી હતી. જેમાં મંદિરમાં સાપની ખેતલા આપા તરીકે પૂજા કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓએ ગઈકાલે સાંજે દરોડો કરી મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયાની અટકાયત કરી ૫૨ જેટલા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વન વિભાગની કાર્યવાહી બાદ લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા. લોકોએ કહ્યું હતું કે, ખેતલા આપા સાથે અમારી આસ્થા જોડાયેલી છે. વન વિભાગે એક વખત અમને પૂછી તો જોવું હતું. વન વિભાગના અધિકારીઓ જેને સાપ કહે છે તેનું અમે પૂજન કરીએ છીએ અને તે અમારો બાપ ખેતલા આપા છે.

તો બીજી તરફ રાજકોટ શહેર ઉત્તર રેન્જના DCF યુવરાજસિંહ ઝાલાએ કહ્યું હતું કે, મંદિરમાં કોમન સેન્ડ બુઆ જાતિના સાપ હોવાની માહિતી મળી હતી. ૫૨ જેટલા સાપ મળી આવ્યા હતા. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટને કારણે શેડ્યુલ ૨માં આવે છે. જેને કોઈ એક જગ્યાએ રાખવા તે ગુનો બને છે. મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયા સામે કાર્યવાહી કરવામાં આવી છે. જોકે સાપની કોઈ તસ્કરી કરવામાં આવતી હોય તેવું સામે આવ્યું નથી. આગામી દિવસોમાં આવા પ્રાણીઓ રાખતા મંદિરોમાં પણ તપાસ કરવામાં આવશે.

શિડયુલ ૨ના પ્રાણીઓ રાખવા ગુનો છે અને તેમાં ૬ મહિનાની સજાની જોગવાઈ છે. મહંત મનુ મણીરામ દુધરેજીયા હાલ જામીન મુક્ત થયા છે. પરંતુ જરૂર પડશે તો વધુ તપાસ માટે પણ બોલાવવામાં આવશે. ખેતલા આપાનું મંદિર ધાર્મિક આસ્થા સાથે જોડાયેલું હોવાથી લોકો મંદિરે સાપ મૂકી જતા હોવાનું સામે આવ્યું છે. મહંત પણ સાપ પકડવાનું જાણતા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. હાલ આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.સાપ એ મોટી કેટેગરી ગણાય તેની અંદર પેટે રેલતા સરીસૃપો આવી જાય. પણ જેને પૂજનીય ગણવામાં આવે છે તે નાગની કેટેગરીના સાપ છે. મંદિરમાંથી જે કોમન સેન્ડ બોઆ રેસ્ક્યુ કરાયા છે તે સાપ ખરા પણ નાગ નહિ. સાદી ભાષામાં તેને અંગોઠિયું કહેવાય છે. આવી જ કેટેગરીમાં આંધળી ચાકળ, અજગર બધા જ આવે. અહીં બોઆને નાગ તરીકે બતાવી પૂજા કરાવાતી હતી. આ સાપ તદ્દન બિનઝેરી હોય છે અને તેને રેતી જેવી જગ્યા મળી જાય એટલે ત્યાં જ પડ્યા રહે છે. હાલ વન વિભાગે ૫૨ સાપને રાજકોટ જિલ્લાના અલગ અલગ વન્ય વિસ્તારોમાં મુકવાની કામગીરી શરૂ કરી છે.

### પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું

# ભારત સરહદ પાર ફરી એક વાર હુમલો કરી શકે છે

**અફઘાનિસ્તાનને પોતાની ખામીઓ માટે દોષી ઠેરવતા કહ્યું કે કાબુલ આતંકવાદીઓ માટે આશ્રયસ્થાન બન્યું છે**

ઈસ્લામાબાદ, તા.૧૯

પહેલગામ હુમલા બાદ પાકિસ્તાન ફરીથી પોતાના ભયને જાગૃત કરી રહ્યું છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું કે ભારત ફરીથી પાકિસ્તાન પર હુમલો કરી શકે છે. ખ્વાજા આસિફે કહ્યું કે પાકિસ્તાન ભારતીય સેના પ્રમુખના નિવેદનને ફગાવી શકે નહીં. તેમણે કહ્યું કે ભારત સરહદ પાર હુમલો કરી શકે છે.એક ટીવી કાર્યક્રમમાં, ખ્વાજા આસિફે ખોટા નિવેદનો અને પાયાવિહોણા તથ્યોનો વરસાદ શરૂ કર્યો. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાન ઘૂસણખોરી કરે છે અને ભારત તેમાં ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે સાઉદી અરેબિયા, સંયુક્ત અરબ અમીરાત, ઈરાન, ચીન અને અન્ય દેશો પાકિસ્તાનમાં સરહદ પારથી થતી ઘૂસણખોરીને રોકવા માંગે છે. અફઘાનિસ્તાનને દોષી ઠેરવતા, તેમણે આગળ કહ્યું કે કાબુલ આતંકવાદીઓ માટે આશ્રયસ્થાન બની ગયું છે.

એ મહત્વનું છે કે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર ફક્ત એક ટ્રેલર હતું અને આ એપિસોડ ૮૮ કલાક પછી સમાપ્ત થયો. દ્વિવેદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે જો પાકિસ્તાન આપણને બીજી તક આપે છે, તો ભારત તેને એક જવાબદાર રાષ્ટ્રએ તેના પડોશીઓ સાથે કેવું વર્તન કરવું જોઈએ તે અંગે પાઠ શીખવશે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે ભારત ઈચ્છતું નથી કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન તેમના મુદ્દાઓ ઉકેલે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન બે મોરચે ફસાઈ શકે છે, અને આવી સ્થિતિમાં, ભારત યુદ્ધના જોખમને ટાળી શકે છે. ખ્વાજા આસિફે કહ્યું હતું કે પાકિસ્તાન કોઈપણ રીતે ભારત પર વિશ્વાસ કરી શકતું નથી અને ભારત સરહદ પાર હુમલો કરવાનો પ્રયાસ પણ કરી શકે છે. આસિફે મધ્ય પૂર્વમાં પાકિસ્તાનની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન ગાઝામાં આંતરરાષ્ટ્રીય દળોનો ભાગ હોવું જોઈએ. ખ્વાજા આસિફે કહ્યું હતું કે પાકિસ્તાન અબ્રાહમ કરારમાં જોડાવાની યોજના ધરાવતું નથી અને કરાર પર તેનું વલણ સંપૂર્ણપણે સ્પષ્ટ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે જ્યાં સુધી બે-રાજ્ય ઉકેલ લાગુ ન થાય ત્યાં સુધી પાકિસ્તાન પોતાનું વલણ બદલશે નહીં.ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીએ સરકારની આતંકવાદ નીતિનો પર્દાફાશ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં નકલી આતંકવાદી હુમલાઓ સરકારને ફાયદો પહોંચાડે છે. ટોલો ન્યૂઝ અનુસાર, આફ્રિદીએ ઈસ્લામાબાદ પર નકલી આતંકવાદી હુમલાઓને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો, જે અશાંત ખૈબર ક્ષેત્રમાં શાંતિ પ્રયાસોને અવરોધે છે. તેમણે ઈસ્લામાબાદ પર તેના રાજકીય એજન્ડા માટે આતંકવાદ બનાવવાનું કરવાનો આરોપ લગાવ્યો.

### ટેકાના ભાવે મગફળીની અંગે કૃષિમંત્રીની જાહેરાત

# SMS મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂત ટેકાના ભાવે મગફળી વેચી શકશે

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોટાભાગના પાકોને મોટુ નુકસાન પહોંચ્યુ છે, ખાસ કરીને મગફળીને લઈને રાજ્ય સરકાર ખેડૂતોને એક પછી એક રાહત આપી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઊભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ પણ જાહેર કરેલુ છે. હવે આ મામલે કૃષિ મંત્રીએ પણ મગફળીની ખરીદી અંગે એક મહત્વની જાહેરાત કરી દીધી છે.

તાજેતરમાં જ કિસાન સન્માન નિધીના કાર્યક્રમમાં રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ એક મહત્વની જાહેરાત કરી છે, રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા અંગે મોટી રાહત આપી છે. જાહેરાત કરતાં તેમને જણાવ્યું કે, જીસ્જી મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂત ટેકાના ભાવે મગફળી વેચી શકશે, એટલે કે ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂત માટે સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ મેસેજ મળ્યાના સાત દિવસ સુધી મગફળી વેચવાની સમય મર્યાદા હતી, જોકે, હવે મેસેજ મળ્યા ૧૫ દિવસ સુધી ગમે ત્યારે મગફળી વેચી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઊભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ ઐતિહાસિક અને ઉદારતમ રાહત સહાય પેકેજ અંતર્ગત ૯,૮૧૫ કરોડ રૂપિયા ધરતીપુત્રોને થયેલા નુકસાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ આપદાની વેળાએ ધરતીપુત્રોની સાથે રહીને આપેલા આ ઉદારતમ પેકેજ માટે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં, વરસાદથી થયેલા નુકસાનનો સર્વે-પંચ રોજકામ, મંત્રીઓની અસરગ્રસ્ત જિલ્લાના ખેડૂતો સાથે પ્રત્યક્ષ મુલાકાત અને કૃષિ વિભાગ, મહેસુલ વિભાગ, નાણાં વિભાગ સહિત સંબંધિત વિભાગો સાથે સતત ઉચ્ચ સ્તરિય બેઠકો યોજીને પેકેજની જાહેરાત અને ઠરાવ થવા સુધીની સમગ્ર વહિવટી પ્રક્રિયા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં એક અઠવાડિયામાં જ પૂરી કરી દેવાના કિસાન હિતકારી અભિગમને કૃષિ મંત્રીએ વધાવ્યો છે.બનાસકાંઠાના વાવ-થરાદ સહિત પાંચ જિલ્લાઓમાં અગાઉ થયેલા કમોસમી વરસાદના અસરગ્રસ્તોને પણ પિયત-બિનપિયત સમાન ધોરણે ૨૨ હજાર પ્રતિ હેક્ટર બે હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરીને રાજ્યના ખેડૂતો પર આવી પડેલી વિપદામાં સમગ્રતયા ૧૧ હજાર ૧૩૭ કરોડનું રાહત સહાય પેકેજ આપવાનો જે સંવેદનશીલ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે તે માટે પણ ખેડૂત સમાજ વતી આભાર વ્યક્ત કર્યો છે.

### એરપોર્ટ પર NIAએ કરી ધરપકડ

# લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલને ભારત લવાયો

**અનમોલ પર NCP નેતા બાબા સિદ્દીકી, પંજાબી ગાયક મૂસેવાલાની હત્યાનો આરોપ છે : અન્ય લોકોને પણ લવાયા**

નવી દિલ્હી, તા.૧૯

બોલીવુડ અભિનેતા સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ અને બાબા સિદીકી હત્યા કાંડના આરોપી ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈને આજે અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો છે. લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલને અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યો છે અને આજે તે દિલ્હી એરપોર્ટ પહોંચ્યો, જ્યાં NIA એ તેની ધરપકડ કરી છે. તેની સાથે અન્ય ડિપોર્ટ કરાયેલા લોકોને પણ આ ફ્લાઈટ દ્વારા ભારત લાવવામાં આવ્યા છે.અમેરિકામાં રહેતો અનમોલ બિશ્નોઈ ૨૦૨૨ થી ફરાર છે. તે તેના જેલમાં બંધ ભાઈ લોરેન્સ બિશ્નોઈ દ્વારા સંચાલિત આતંકવાદી સિન્ડિકેટમાં ૧૯મો આરોપી છે. NIA એ માર્ચ ૨૦૨૩ માં તેની વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. NIA ની તપાસ મુજબ, અનમોલે ૨૦૨૦થી ૨૦૨૩ વચ્ચે અનેક આતંકવાદી હુમલાઓને અંજામ આપવામાં ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈને સીધી મદદ કરી હતી. તે ભારતમાં વિવિધ ઘટનાઓના આયોજનમાં સામેલ હતો અને કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.અનમોલે યુએસમાંથી બિશ્નોઈ ગેંગના નેટવર્કનું સંચાલન કર્યું હતું. તે ગેંગના શૂટર્સ અને ગ્રાઉન્ડ ઓપરેટિવ્સને નિર્દેશિત કરતો હતો, તેમને આશ્રય અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડતો હતો. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અનમોલ ભારતમાં વિદેશમાંથી પૈસા પડાવતો હતો. આ કરવા માટે, તેણે અન્ય ગેંગસ્ટરોની મદદ લીધી અને ગેંગની પ્રવૃત્તિઓનું સંકલન કર્યું.અનમોલ બિશ્નોઈ પર ઘણા હાઈ -પ્રોફાઈલ કેસની તપાસ બાકી છે. કેન્દ્ર સરકાર તે નક્કી કરશે કે તેની આગળની કસ્ટડી કઈ એજન્સીને આપવામાં આવશે. મહારાષ્ટ્ર પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે અનમોલ સલમાન ખાનના ગેલેક્ટ્રી એપાર્ટમેન્ટ પર એપ્રિલ ૨૦૨૪મા થયેલા ફાયરિંગ કેસમાં પણ વોન્ટેડ છે. મુંબઈ પોલીસ પણ તેને પોતાની કસ્ટડીમાં લેવા માટે કોર્ટમાં અરજી કરશે. મુંબઈ પોલીસે અનમોલના પ્રત્યર્પણ માટે બે પ્રસ્તાવ મોકલ્યા હતા અને દેશભરમાં તેની વિરુદ્ધ ઘણા કેસ નોંધાયેલા છે. આ મહિનાની શરૂઆતમાં એજન્સીઓને જાણકારી મળી હતી કે અનમોલ જે અમેરિકા અને કેનેડા વચ્ચે પોતાનું કોલેશન બદલતો રહે છે. તેની કેનેડામાં અટકાયત કરવામાં આવી છે. તેની પાસે નકલી દસ્તાવેજ પર બનેલો રશિયન પાસપોર્ટ પણ મળવાની જાણકારી સામે આવી છે. પાછલા વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં તેની અટકાયત કરવામાં આવી હતી.

અનમોલ બિશ્નોઈનું નામ ૨૦૨૨માં પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના હત્યા કેસમાં પણ સામે આવ્યું હતું. આ દરમિયાન, NCP નેતા અને સ્વર્ગસ્થ બાબા સિદીકીના પુત્ર ઝીશાન સિદીકીએ કહ્યું કે તેમને એક ઈમેલ મળ્યો હતો જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે અનમોલને ભારત મોકલવામાં આવી રહ્યો છે. ઝીશાને કહ્યું કે અનમોલને ભારત લાવવામાં આવે અને તેના ગુનાઓ માટે સજા આપવામાં આવે.

### હાઈકોર્ટે સંભળાવ્યો મોટો ચુકાદો

# કાયદેસર રીતે પરણેલી મહિલાને લગ્નના નામે શારીરિક સંબંધો માટે રાજી ન કરી શકાય

**કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધો બાંધતી વખતે પણ મહિલા કાયદેસર રીતે પરિણીત હતી**

ચંદીગઢ, તા.૧૯

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે લગ્નની લાલચ આપીને દુષ્કર્મના એક કેસમાં મહત્ત્વનો ચુકાદો આપ્યો છે કે, કાયદેસર રીતે પરણેલી મહિલાને લગ્નના નામે શારીરિક સંબંધો માટે રાજી ન કરી શકાય. કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધો બાંધતી વખતે પણ મહિલા કાયદેસર રીતે પરિણીત હતી.મીડિયા રિપોર્ટ અનુસાર, હાઈકોર્ટે આ કેસમાં નોંધાયેલી FIR રદ કરવાનો આદેશ આપ્યો છે. અરજી પર સુનાવણી કરી રહેલાં જસ્ટિસ શાલિની સિંહ નાગપાલે જણાવ્યું કે, ફરિયાદ કરનાર (મહિલા)એ અરજદાર (પુરુષ)ના લગ્નના વચનોના પ્રભાવ હેઠળ શારીરિક સંબંધ બાંધ્યા હોય તેવું માની શકાય નહીં. તેમણે એવું પણ નોંધ્યું કે, મહિલા આ સમયગાળા દરમિયાન અરજદાર સાથે સહમતિથી શારીરિક સંબંધોમાં સામેલ રહી હતી.જસ્ટિસ નાગપાલે સ્પષ્ટ કર્યું કે, જ્યારે પુખ્ત અને પરિણીત મહિલા લગ્નના વચન પર સહમતિથી શારીરિક સંબંધ ચાલુ રાખે છે, ત્યારે તે તથ્યોની ખોટી ધારણા હેઠળ કરેલું કાર્ય ગણાતું નથી, પરંતુ લગ્નનું અપમાન છે. આવા કિસ્સામાં અરજદાર પર ગુનાહિત જવાબદારી નક્કી કરવા IPCની કલમ ૯૦ લાગુ કરી શકાય નહીં. કોર્ટે એ પણ નોંધ્યું કે, ફરિયાદ કરનાર મહિલા પોતાના પતિ સાથે પરિણીત હોવા છતાં, એક વર્ષથી વધુ સમય સુધી અરજદાર સાથે સહમતિથી સંબંધમાં હતી.કોર્ટે વધુમાં જણાવ્યું કે, એવું લાગે છે કે ફરિયાદ કરનાર મહિલા લાંબા સમયથી અરજદાર સાથે શારીરિક સંબંધોમાં હતી. જોકે, જ્યારે અરજદારની સગાઈ મહિલાની બહેન સાથે થઈ, ત્યારે તેની લાગણીને ઠેસ પહોંચી અને તેથી કેસ નોંધવામાં આવ્યો. કોર્ટના મતે, અરજદાર વિરુદ્ધ FIRના આરોપો અને CrPCની કલમ ૧૬૪ હેઠળના નિવેદનોને માન્ય રાખવામાં આવે તો પણ, કાયદેસર રીતે પરિણીત મહિલાને લગ્નના વચન આપીને શારીરિક સંબંધો માટે રાજી કરી શકાય તેવું માનવું અશક્ય છે.કોર્ટે એ વાત પણ નોંધી કે, ફરિયાદ કરનાર મહિલા પોતે વકીલ છે અને તે સારી રીતે જાણે છે કે તે તેના પતિ સાથે કાયદેસરના લગ્નબંધનમાં છે. અરજદાર (પુરુષ) પણ વકીલ છે અને તે હાલમાં ફરિયાદી પક્ષના વકીલ સામે કેસ લડી રહ્યો છે. તેથી, કોર્ટના મતે, અરજદાર મહિલાને લગ્નના વચન આપીને શારીરિક સંબંધો માટે રાજી કરી શકે તેવી સ્થિતિમાં હતો કે કેમ, તે પ્રશ્ન જ ઊભો થતો નથી.કોર્ટે એ પણ અવલોકન કર્યું કે અરજદાર વિરુદ્ધ IPCની કલમ ૫૦૬ (ધમકી આપવી) હેઠળ કેસ નોંધાયેલો છે. મહિલાએ અરજદારની તેની બહેન સાથેની સગાઈનો વિરોધ કર્યો ત્યારે તેણે મહિલાને મારી નાખવાની ધમકી આપી હોવાનો આરોપ હતો. જોકે, અરજદાર દ્વારા કહેવામાં આવેલા શબ્દોનો ખુલાસો ન થયો હોવાથી, કોર્ટે કહ્યું કે, અરજદારનો ઈરાદો ફરિયાદ કરનારને ડરાવવાનો હતો કે કેમ, તે નક્કી કરવું શક્ય નથી. આ સાથે કોર્ટે FIRમાં તારીખ અને સ્થળોનો ઉલ્લેખ ન હોવા પર પણ ધ્યાન આપ્યું હતું.

# મહુવામા વિધર્મીએ સગીરાને ફસાવી વારંવાર શરીરસુખ માણ્યું

મહુવા, તા.૧૯

વધુ એક લવ જેહાદનો કિસ્સો સામે આવ્યો છે, સુરત જિલ્લાના એક ગામમાં વિધર્મીએ નામ બદલી સગીરાને પ્રેમ શાળામાં ફસાવી લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા હતા, ત્યારબાદ સગીરા ગર્ભવતી થતા ગર્ભપાત કરાવ્યો હતો,એક મૌલવીએ બન્નેના લગ્ન કરાવ્યા હોવાની વાત પણ સામે આવી છે, સમગ્ર હકીકત બહાર આવતા મામલો પોલીસ મથક ખાતે પહોંચ્યો છે. સુરત જિલ્લાના એક ગામમાં વર્ષ ૨૦૧૬માં એક સગીરા એક સગીરના સંપર્કમાં આવી હતી અને સગીરે પોતે હિન્દુ છે અને પોતાનું નામ જેનિસ હોવાનું જણાવી દોસ્તી કરી હતી અને બાદમાં સગીરા પ્રપોઝ કરી તું મને બહુ ગમે છે ,તારા વગર રહી નહી શકું, હું તને ખૂબ પ્રેમ કરું છે તે કહી વિશ્વાસમાં લીધી હતી અને બાદમાં સગીરાની મરજી વિરુદ્ધ જઈને અવાર નવાર શરીર સબંધ બાંધ્યો હતો. જેને પગલે સગીરા ગર્ભવતી થઈ જતા બહારથી દવા લાવી ગર્ભપાત કરાવી દીધો હતો. આ વ્યક્તિનું નામ જેનીશ નહી પણ અન્ય છે તેવું સગીરાને ખબર પડી ગઈ હતી. ત્યારે વિધર્મીએ તેને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી સગીરાનું ફૈઝા નામ ધારણ કરાવી ગાડીમાં બેસાડી અને દાઢીવાળા મૌલવી પાસે લઈ ગયો હતો. જ્યાં મૌલવીએ બન્નેના લગ્ન કરાવી દીધા હતા. આમ સમગ્ર ઘટના ની જાણ મહુવા પોલીસને કરવામાં આવતા મહુવા પોલીસે હાલ આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીને ઝડપી દાઢીવાળા અજાણ્યા મૌલવી ને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# તમામ વિદ્યાર્થી અને મૌલવી વિશે ATSને જાણકારી આપવી પડશે

લખનૌ, તા.૧૯

તાજેતરમાં દેશની રાજધાની દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશની યોગી સરકારે સુરક્ષાને લઈને એક મોટું અને મહત્વનું પગલું ભર્યું છે. સુરક્ષા એજન્સીઓને સતર્ક રાખવાના ઉદ્દેશ્યથી, યુપી સરકારે એક નવો પ્રોટોકોલ લાગુ કર્યો છે, જે અંતર્ગત હવે રાજ્યની તમામ મદરેસાઓમાં ભણાવતા મૌલવીઓ અને અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની સંપૂર્ણ વિગતો એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS)ને સોંપવી પડશે.નવા આદેશ મુજબ, ઉત્તર પ્રદેશની દરેક માન્યતા પ્રાપ્ત અને બિન-માન્યતા પ્રાપ્ત મદરેસાએ પોતાના ત્યાં કામ કરતા તમામ શિક્ષકો અને ધાર્મિક પ્રશિક્ષકોની વ્યક્તિગત માહિતી ATS કાર્યાલયને આપવી પડશે. આ માહિતીમાં તેમનું કાયમી સરનામું, મોબાઈલ નંબર, આધાર કાર્ડની વિગતો અને અન્ય ઓળખ સંબંધિત દસ્તાવેજોનો સમાવેશ થાય છે. એ જ રીતે, મદરેસાઓમાં ભણતા તમામ વિદ્યાર્થીઓની વિગતો અને તેમના મોબાઈલ નંબરની યાદી બનાવીને જમા કરાવવી પણ ફરજિયાત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયા માત્ર ડેટા સંગ્રહ કે સર્વે નથી, પરંતુ એક 'સુરક્ષા ઓડિટ'નો ભાગ છે, જેથી કોઈ પણ સંસ્થામાં શંકાસ્પદ તત્વોની હાજરીને સમયસર ઓળખી શકાય. છેલ્લા કેટલાક મહિનામાં ગુપ્તચર એજન્સીઓએ કેટલીક મદરેસાઓ અને ખાનગી ધાર્મિક સંસ્થાઓમાં બહારના રાજ્યોના યુવાનોની વધતી જતી અવરજવર પર સતર્કતા દાખવી હતી, જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી બ્લાસ્ટ બાદ તપાસનો દાયરો માત્ર મદરેસાઓ સુધી સીમિત નથી. હવે કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ પણ તપાસ હેઠળ આવી ગઈ છે. લખનઉ સ્થિત ઈન્ટિગ્રલ યુનિવર્સિટી ત્યારે ચર્ચામાં આવી જ્યારે ત્યાં ભણાવતા એક શિક્ષક પરવેઝ અન્સારીનું નામ દિલ્હી બ્લાસ્ટની તપાસ દરમિયાન સામે આવ્યું. આ પછી, ગુપ્તચર એજન્સીઓએ યુનિવર્સિટી પ્રશાસનને નીચે મુજબના નિર્દેશો આપ્યા છે કે જમ્મુ-કાશ્મીરથી આવતા તમામ પ્રોફેસરોની ઓળખ અને દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા. જમ્મુ-કાશ્મીરથી અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓનો રેકોર્ડ જમા કરાવવો. વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા, તેમના અભ્યાસક્રમ અને તેમની ભૂમિકાઓનું વિવરણ પણ ઈન્ટેલિજન્સ વિભાગને સોંપવું. એજન્સીઓનું કહેવું છે કે આ પગલું કોઈ સંસ્થાની વિરુદ્ધ નથી, પરંતુ સુરક્ષાને પ્રાથમિકતા આપવાની નીતિનો એક ભાગ છે, જેથી કોઈ પણ સંભવિત ખતરાને શરૂઆતના તબક્કે જ રોકી શકાય.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બેકાબૂ કારે ૫ શ્રમિકોને કચડ્યાં

નવી દિલ્હી, તા.૧૯

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના પાદરા નજીક બુધવારે સવારે એક અત્યંત ગમખ્વાર અને દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. પાદરાના સરસવણી ગામ પાસે હાઈવે પર સમારકામની કામગીરી કરી રહેલા પાંચ મજૂરોને એક પૂરઝડપે આવી રહેલી કારે અડફેટે લીધા હતા. આ ભીષણ ટક્કરમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે અન્ય ત્રણ મજૂરોનો આબાદ બચાવ થયો છે.મળતી માહિતી મુજબ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરસવણી ગામ પાસે પાંચ મજૂરો રોડ મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. બુધવારે સવારે લગભગ ૯ વાગ્યે, વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી એક કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો અને કાર સીધી કામ કરી રહેલા મજૂરો પર ફરી વળી. અકસ્માત એટલો ગંભીર હતો કે બે મજૂરો, દિલીપ દહિયા અને મનોજ કુમાર, ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમના મોત થયા હતા.ઘટના સમયે હાજર અને બચી ગયેલા સાથી મજૂર સાગર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "અમે સવારે ૮:૩૦ વાગ્યે સાઈટ પર પહોંચ્યા હતા અને તમામ સેફ્ટી સાધનો પહેરીને કામ કરી રહ્યા હતા. અમે કુલ ૫ લોકો હતા. સવારે ૯ વાગ્યાની આસપાસ, ફુલ સ્પીડમાં એક ગાડી આવી અને અમારા સાથીઓને ટક્કર મારી દીધી. અમારા બે લોકોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા."ઘટનાની જાણ થતાં જ પાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસે કાર ચાલકની ઓળખ કરવા અને તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### સ્થાનિક ૩જા. એડિશ્નલ ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટ દ્વારા

# ધારીના જળજીવડી ગામે પ્રેમ પ્રકરણને લઈને થયેલ હત્યા કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારાઈ

**અન્ય એક આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકાયા**

ધારી, તા ૧૯

ધારીનાં જળજીવડી ગામે આજથી ૨ વર્ષ પહેલા પ્રેમ પ્રકરણને લઈને થઈને બનેલ હત્યા કેસનાં એક આરોપીને આજીવન કેદની સજા અને અન્ય એક આરોપીને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ બનાવની વિગત એવ પ્રકારની છે કે, વર્ષ ૨૦૨૩ માં જળ જીવડી ગામે આરોપી નં.–૧ મહેશભાઈ વિનુભાઈ રાઠોડ (ઉ.વ ૧૯) રે. હિમખીમડીપરા અને અન્ય આરોપી ઘનશ્યામ ઉર્ફે ઘનો બાલુભાઈ પાડેલીયા (ઉ.વ.૪૨) એ ભેગા મળી જબરજસ્તી રૂમનો દરવાજો ખોલાવી રમેશભાઈ ભીમભાઈ પીપળીયાને આડેધડ છરીનાં ઘા મારતા ઈજાગ્રસ્ત થયેલ રમેશભાઈ ને રાજકોટ ખાતે સારવારમાં ખસેડાયેલ જયાં તેઓનું સારવાર દરમિયાન મોત થતાં પોલીસે ઉપરોકત ૨ વ્યકિતઓ સામે હત્યાનો ગુન્હો નોંધેલ

જે અંગેનો કેસ ધારી ખાતે ૩જા એડીશનલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ સમક્ષ ચાલી જતાં સરકારી વકીલ વીડી. વડેરાની દલીલોનાં આધારે એક આરોપી મહેશભાઈ રાઠોડને આજીવન કેદ અને મરણજનારના પત્નીને ૨ લાખનુ વળતર ચુકવવા અને અન્ય આરોપી ઘનો પાડેલીયાને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા આદેશ કરેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# અરે વાહ : બાબરાનાં નાનીકુંડળ-લીંબડીયા માર્ગ ઉપર ૨.૫૦ કરોડનાં ખર્ચે બ્રિજ બનશે

## સમગ્ર વિસ્તારનાં વાહનચાલકોમાં ખૂશીનો માહોલ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૧૯

બાબરા તાલુકાના નાનીકુંડળથી લીંબડિયા માર્ગ પર લાંબા સમયથી આવશ્યક બનેલા માઈનોર બ્રિજના નિર્માણ માટે રાજય સરકાર દ્વારા રૂા. ૨ કરોડ ૫૦ લાખની ફાળવણી મંજૂર કરવામાં આવી છે. પાણીના પ્રવાહ અને મૌસમી વરસાદી પરિસ્થિતિમાં ગામજનોને થતી મુસાફરીની મુશ્કેલીઓને દૂર કરવા માટે આ મહત્વપૂર્ણ બ્રિજનું શુભ ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના કરકમલેથી આજે વિધિપૂર્વક કરવામાં આવ્યું.કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું કે, નાનીકુંડળ-લીંબડિયા માર્ગ પર વર્ષોથી વરસાદી દિવસોમાં અવરજવર અસરગ્રસ્ત બનતી હતી. આ બ્રિજ બનવાથી મુસાફરીમાં થતા જોખમો દૂર થશે, સુરક્ષિત અને સતત પરિવહન સુનિશ્ચિત થશે અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસને વધુ વેગ મળશે. ખેડૂતભાઈઓ, વિદ્યાર્થીઓ, દૈનિક મુસાફરો તેમજ ત્યાંના વેપાર-ધંધા સાથે સંકળાયેલા લોકો માટે આ બ્રિજ જીવનરેખા સાબિત થશે.

ધારાસભ્યએ વધુમાં કહ્યું કે બાબરા તાલુકાના સર્વાંગી વિકાસ માટે માર્ગ, પાણી, વીજળી જેવી મૂળભૂત સુવિધાઓને વધારે મજબૂત કરવા રાજય સરકાર પ્રતિબધ્ધ છે. આ પ્રકારના પ્રોજેકટો દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસમાં નવી ઊંચાઈઓ સર કરાશે.

આ પ્રસંગે તાલુકા ભાજપના પ્રમુખ, તાલુકા પંચાયતના સદસ્યઓ, સરપંચ, વિભાગના ઈજનેરો, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ લાંબા સમયથી અપેક્ષિત આ વિકાસકાર્યની શરૂઆત થતાં આનંદ વ્યક્ત કર્યો અને ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો. ગામજનોમાંવિકાસયાત્રા પ્રત્યે આશાવાદનો માહોલ જોવા મળ્યો હતો અને નિર્માણ કાર્ય સમયસર પૂર્ણ થાય તેવી શુભકામનાઓ પાઠવી.

### શાળાનાં વિદ્યાર્થીઓનાં અનેરા ઉત્સાહ સાથે

# બાબરાનાં અમરાપરા ગામની પ્લોટશાળામાં સીઆરસી કક્ષાનું ગણિત, વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ

## ૭ શાળાનાં વિદ્યાર્થીઓએ ૧૮ કૃતિઓ રજુ કરી

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાની અમરાપરા પ્લોટ શાળા ખાતે સી આર સી કક્ષાનો ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદશન યોજાયું હતું. સી આર સી હેઠળ આવતી સાત જેટલી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પાંચ જેટલા વિભાગમાં ૧૮ કૃતિઓ રજૂ કરી હતી. જેમાં પીએમ તાલુકા કુમાર શાળા, અમરાપરા પ્લોટ શાળા, અમરાપરા પે સેન્ટર શાળા, વાંડળીયા પ્લોટ શાળા, વાંડળીયા પ્રાથમિકશાળા, અબ્દુલ કલામ પ્રાથમિક શાળા, અને કન્યાશાળા સહિત સાત જેટલી શાળાના વિધાર્થીઓ દ્વારા ટકાઉ ખેતી,કચરાનું વ્યવસ્થાપન અને પ્લાસ્ટિકના વિકલ્પો,હરિત ઉર્જા ગ્રીન એનર્જી,આરોગ્ય વ્યવસ્થા જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન વિકસિત નવીન ટેકનોલોજીગાણિતીક મોડેલ પાંચ વિભાગમાં ૧૮ જેટલી કૃતિઓ શાળાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

જેમાં પીએમ તાલુકા કુમાર શાળાની બે કૃતિ જયારે અમરાપર પે સેન્ટર શાળા,વાંડળીયા પ્લોટ શાળા અને અમરા પ્લોટ શાળાની એક એક કૃતિ પસંદગી પામી હતી. અહીં સી આર સી કક્ષાના આ ગણિત વિજ્ઞાન પર્યાવરણ લક્ષી પ્રદશનમાં શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી પામનાર શાળા આગામી દિવસોમાં તાલુકા કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદશનમાં ભાગ લેવા જશે શ્રેષ્ઠ કૃતિ પસંદગી થવા બદલ શાળાના વિદ્યાર્થીઓને આચાર્ય તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને બી આર સી તેમજ સી આર સી એ શુભેચ્છાઓ પાઠવી હતી.

### કીડી ગામનાં નાગરીકનો મોબાઈલ ગુમ થયેલ

# તેરા તુજકો અર્પણ : બાબરા પોલીસે ગુમ થયેલ મોબાઈલ અરજદારને પરત કર્યો

## સ્થાનિક પીઆઈનાં માર્ગદર્શનતળે કામગીરી

બાબરા, તા. ૧૯

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એ.એમ. દેસાઈ.સા.ની રાહબરી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના મિલ્કત ગુમની અરજીઓ અનુસંધાને બાબરા પોલીસ ટીમ દ્વારા સઘન અભ્યાસ કરી ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મોબાઈલ ફોન વિવો કંપનીનો મોડેલ નં T3x. કિં. રૂ.૧૩.૫૦૦/-ની મિલ્કત શોધી મુળ માલીકીને પરત કરી ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ સાર્થક કરતી બાબરા પોલીસ ટીમ જયરાજભાઈ સુખાભાઈ ગલાણી રે. કીડીગામનો એક ઓપ્પો કંપનીનો મોડેલ નં. T3x. મોબાઈલ ફોન જેની કિં.રૂ. ૧૩,૫૦૦/- નોગઈ તા. ૧૯/૭/૨૫ના રોજ બાબરા ઉમીયા બેટરીની દુકાનના ટેબર પરથી ગુમ થઈ ગયેલ હોય જે મોબાઈલ ફોન શોધી મુળ માલિકને બાબરા પોલીસ ટીમ પરત કરેલ છે. આ કામગીરીપો.ઈન્સ. એ.એમ. દેસાઈની સુચના અને માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ ટાઉન બીટ તથા બાબરા પોલીસ ટીમ દ્વારા કરવામા આવેલ છે.




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

# ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની કોઈ જરૂર નથી : ભાગવત

ગુવાહાટી, તા.૧૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી સમારોહના ભાગરૂપે આસામના ગુવાહાટીમાં એક કાર્યક્રમને સંબોધતી વખતે RSS વડા મોહન ભાગવતે મહત્ત્વનું નિવેદન કર્યું છે. તેમણે ભારત અને હિન્દુ રાષ્ટ્રનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'જે ભારત પર ગર્વ કરે છે, તે હિન્દુ છે. હિન્દુ માત્ર એક ધાર્મિક ઓળખ નહીં, પરંતુ એક સંસ્કૃતિગત ઓળખ છે. ભારત અને હિન્દુ એક જ છે.' ભાગવતે સ્પષ્ટ કહ્યું છે કે, 'ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની કોઈ જરૂર નથી, કારણ કે તેની સભ્યતા પહેલેથી જ આ વાત જાહેર કરે છે. હિન્દુ શબ્દ ધાર્મિક નહીં પણ હજારો વર્ષોની સાંસ્કૃતિક પરંપરા સાથે જોડાયેલી એક સભ્યતાગત ઓળખ છે. ભારત અને હિન્દુ એકબીજાના પર્યાય છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર બનવા માટે કોઈ સત્તાવાર જાહેરાત કરવાની જરૂર નથી.'મોહન ભાગવતે આરએસએસની સ્થાપનાના ઉદ્દેશ વિશે કહ્યું કે, 'RSSની સ્થાપના કોઈનો વિરોધ કરવા કે નુકસાન પહોંચાડવા માટે કરાઈ નથી, પરંતુ ચારિત્ર્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ભારતને વૈશ્વિક નેતા બનાવવામાં યોગદાન આપવા માટે કરાઈ હતી. વિવિધતા વચ્ચે ભારતને એક કરવાની પદ્ધતિને આરએસએસ કહેવામાં આવે છે.'

### નીતિશ કુમાર ફરી જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા

# નીતિશ કુમારે રાજ્યપાલને રાજીનામું સોંપ્યું, નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો

## નીતિશ કુમાર મુખ્યમંત્રી, સમ્રાટ ચૌધરી અને વિજય સિંહા નાયબ મુખ્યમંત્રી સવારે ૧૧:૩૦ વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજવામાં આવશે

પટના, તા.૧૯

નીતિશ કુમાર ફરી એકવાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે. જ્યારે બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે.

બિહારમાં બુધવારે NDAના ધારાસભ્ય દળની બેઠકમાં નીતિશ કુમારને નેતા પસંદ કરાયા છે.

સમ્રાટ ચૌધરીએ ધારાસભ્ય દળના નેતા તરીકે નીતિશ કુમારના નામ પર પ્રસ્તાવ રાખ્યો, જેને સર્વસમ્મતિથી મંજૂર કરી લેવાયો. આવતીકાલ સવારે ૧૧:૩૦ વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજાશે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે. બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે. હવે નીતિશ કુમાર બિહારના રાજયપાલ આરિફ મોહમ્મદ ખાનને મળીને રાજીનામું સોંપ્યું છે અને વિધાનસભાનો ભંગ કરાયો છે. હવે બિહારમાં નવા મંત્રીમંડળની રચના થશે, જે ૨૦ નવેમ્બરે બિહારના ગાંધી મેદાનમાં શપથ લેશે. આ મુદ્દે NDAનો મેરેથોન બેઠકોનો દોર ચાલુ છે અને મંત્રીમંડળની વહેંચણીની ચર્ચા ચાલી રહી છે.

ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને પક્ષના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે, તો વિજય સિંહાની નાયબ નેતા તરીકે પસંદગી કરાઈ છે. હવે બિહારમાં ફરી બંને ભાજપ નેતા નાયબ મુખ્યમંત્રી તરીકેની ભૂમિકામાં હશે.

આ સાથે જ નીતિશ કુમાર બિહારના સૌથી લાંબો સમય સુધી રહેનારા મુખ્યમંત્રી બની જશે. આ વખતે ૧૦મી વખત તેમનો કાર્યકાળ શરૂ થઈ રહ્યો છે. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠક પરની ચૂંટણીમાં જેડીયુએ ૮૫ બેઠક પર જીત હાંસલ કરી હતી. એનડીએની કુલ ૨૦૨ બેઠક પર જીત થઈ છે, જે બહુમતી માટે પૂરતી છે.

ધારાસભ્ય દળની બેઠકમાં ભાજપના નેતા તરીકે સમ્રાટ ચૌધરી, તો નાયબ નેતા તરીકે વિજય સિંહાની પસંદગી કરાઈ છે. સમ્રાટ ચૌધરી ભાજપ માટે ઓબીસી વર્ગનો મજબૂત ચહેરો છે. તેઓ તારાપુરમાંથી ત્રણ વાર ચૂંટાયેલા ધારાસભ્ય છે. સમ્રાટ ચૌધરીનો પરિવાર બિહારના રાજકારણમાં મજબૂત પ્રભાવ ધરાવે છે. તેમના પિતા શકુનિ ચૌધરી પણ તારાપુરથી સાત વાર ચૂંટાયા હતા અને માતા પાર્વતી દેવી પણ એકવાર વિધાનસભામાં ચૂંટાયા હતાં.

સમ્રાટ ચૌધરીએ વર્ષ ૨૦૦૦માં આરજેડીમાં જોડાઈને રાજકારણમાં સત્તાવાર પ્રવેશ કર્યો હતો. ત્યાર પછી ૨૦૧૪માં તેઓ જેડીયુમાં જોડાઈને મંત્રી બન્યા. ૨૦૧૭માં તેઓ ભાજપમાં જોડાયા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ થયા.

વિજય કુમાર સિંહા બિહાર ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ લખીસરાય મત વિસ્તારમાંથી ચોથી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. પહેલીવાર તેઓ ૨૦૦૫માં ચૂંટણી જીત્યા હતા. એ જ વર્ષે તેઓ એક ચૂંટણીમાં હાર્યા હતા, પરંતુ ૨૦૧૦ પછી તેઓ સતત આ બેઠક પરથી જીત્યા છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ સુધી તેઓ શ્રમ મંત્રી રહ્યા હત, તો ૨૦૨૦થી ૨૦૨૨ સુધી તેમણે બિહાર વિધાનસભાના સ્પીકર તરીકે ફરજ બજાવી હતી. ૨૦૨૨૨થી ૨૦૨૪ સુધી તેઓ વિપક્ષના નેતા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા હતા. બિહાર સરકારમાં તેઓ પોલીસ, પ્રવાસન, વીજળી અને સિંચાઈ જેવા મહત્ત્વના વિભાગોના મંત્રી રહી ચૂક્યા છે.

### BCCIએ આપી હેલ્થ અપડેટ

# શુભમન ગિલનું ગુવાહાટી જવાનું કન્ફર્મ, બીજી ટેસ્ટમાં રમવા ઉપર સસ્પેન્સ

## ૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં શુભમન ગિલ રમશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા

ગુવાહાટી, તા.૧૯

ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલના ગુવાહાટી પ્રવાસની પુષ્ટિ થઈ ગઈ છે. આ માહિતી BCCIના નવીનતમ અપડેટમાં જાહેર કરવામાં આવી છે. જો કે, ૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં તે રમશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા છે.

દક્ષિણ આફ્રિકા સામે કોલકાતા ટેસ્ટના બીજા દિવસે ગરદનમાં ઈજા થયા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દિવસની રમત પછી તેની તબીબી તપાસ કરવામાં આવી તેને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો અને બીજા દિવસે તેને રજા આપવામાં આવી.

BCCI મેડિકલ ટીમના જણાવ્યા અનુસાર, શુભમન ગિલ ટ્રીટમેન્ટ પર સારી રીતે રિસ્પોન્ડ કરી રહ્યો છે. તેથી નિર્ણય લેવામાં આવ્યો છે કે ગિલ ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટીમ સાથે ગુવાહાટી જશે. જો કે, તેની ઈજા પર સતત દેખરેખ રાખવામાં આવશે અને બીજી ટેસ્ટમાં તેના રમવા અંગે અંતિમ નિર્ણય મેડિકલ ટીમના રિપોર્ટના આધારે લેવામાં આવશે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાતા ટેસ્ટના બીજા દિવસે શુભમન ગિલને ગરદનમાં ઈજા થઈ હતી. વોશિંગ્ટન સુંદરના આઉટ થયા પછી ગિલ બીજા દિવસે મેદાનમાં ઉતર્યો હતો. ગિલ પહેલા બે બોલ પર રન બનાવી શક્યો નહીં, પરંતુ તે ઓવરના પાંચમા બોલ પર, તેણે સિમોન હાર્મરના બોલને બેકવર્ડ સ્ક્વેર લેગ પર ફોર માટે સ્વિપ કર્યો. આ શોટ રમ્યા પછી શુભમન તરત જ તેની ગરદન પકડી લીધી.

તેને ગરદનમાં ભારે દુખાવો થયો. ગિલ ૩ બોલમાં ૪ રન બનાવ્યા પછી રિટાયર્ડ હર્ટ થયો. તે બીજી ઈનિંગમાં પણ બેટિંગ કરી શક્યો નહોતો. કોલકાતામાં રમાયેલી પહેલી ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૩૦ રનથી હરાવ્યું. આ ટેસ્ટમાં બાવુમા ટીમે ભારતીય ટીમને જીતવા માટે ફક્ત ૧૨૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો, પરંતુ શુભમન ટીમ આ પણ હાંસલ કરવામાં નિષ્ફળ રહી. પરિણામે, આફ્રિકન ટીમે ૧૫ વર્ષમાં ભારતમાં પહેલી ટેસ્ટ મેચ જીત મેળવી.

જો ગિલ ગુવાહાટી ટેસ્ટ માટે ફિટ ન થાય, તો રિષભ પંત તેની જગ્યાએ કેપ્ટનશીપ સંભાળશે. ગિલના નંબર ૪ પોઝિશન પર સાઈ સુદર્શન અથવા દેવદત્ત પડિકલ રમી શકે છે. દરમિયાન દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા શ્રેણી જીતવા માટે મેચ ડ્રો કરવા પર નજર રાખશે.

### કેન્દ્રિય કર્મચારીઓ માટે મોટા સમાચાર

# આઠમા પગાર પંચ અગાઉ DAમાં થઈ શકે છે ત્રણ વખત વધારો

## 3 ટકાનો સરેરાશ વધારો ધારીએ તો આગામી ત્રણ સુધારા પછી DA અનુક્રમે ૬૧ ટકા, ૬૪ ટકા અને ૬૭ ટકા સુધી પહોંચી શકે

નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્ર સરકારે ૮મા પગાર પંચના ટર્મ્સ ઓફ રેફરન્સ (ToR) ને મંજૂરી આપી દીધી છે. આ પછી કેન્દ્રીય કર્મચારીઓના પગાર માળખામાં મોટા ફેરફારોની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઈકોનોમિક્સ ટાઈમ્સના અહેવાલ અનુસાર, સરકારે કમિશનને ૧૮ મહિનાની સમયમર્યાદા આપી છે. આ સમયગાળા દરમિયાન ૭મા પગાર પંચ હેઠળ મોંઘવારી ભથ્થું (DA) અને અન્ય ભથ્થાં વધતા રહેશે. નિષ્ણાતો કહે છે કે કર્મચારીઓને જાન્યુઆરી ૨૦૨૬ થી બાકી રકમ પણ મળશે. નિષ્ણાતોના મતે, ૮મા પગાર પંચ લાગુ ન થાય ત્યાં સુધી ૭મા પગાર પંચના મૂળ પગાર પર DAની ગણતરી ચાલુ રહેશે. નવા પગાર માળખાની સૂચના સુધી આ વ્યવસ્થા અમલમાં રહેશે. દર છ મહિને DA માં સુધારો થતો હોવાથી ૧૮ મહિનામાં ત્રણ વધારો શક્ય છે. જૂલાઈ ૨૦૨૫માં DA ૫૮ ટકા હતી. ૩ ટકાનો સરેરાશ વધારો ધારીએ તો આગામી ત્રણ સુધારા પછી DA અનુક્રમે ૬૧ ટકા, ૬૪ ટકા અને ૬૭ ટકા સુધી પહોંચી શકે છે.

ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોયીઝ ફેડરેશનના પ્રમુખ મનજીત સિંહ પટેલના મતે, નિયમિત ડીએ વધારો અને બે વાર્ષિક વધારો બેઝિક પગાર પર આશરે ૨૦ ટકા અસર કરી શકે છે. વધુમાં ફેમિલી યુનિટ ૩ થી ૩.૫ સુધી વધારવાની ભલામણ બેઝિક પગાર પર વધારાના ૨૦ ટકા અસર કરી શકે છે. આ વધારાને જોડીને ફિટમેન્ટ ફેક્ટર ૧.૫૮ થી આશરે ૧.૯૮ સુધી વધી શકે છે. સરકાર સામાન્ય રીતે ફુગાવા માટે ૧૫ ટકા સુધીનો ફુગાવો વૃદ્ધિ પરિબળ ઉમેરે છે, જેના પરિણામે અંદાજિત ફિટમેન્ટ ફેક્ટર આશરે ૨.૧૩ થાય છે. માત્ર ડીએ જ નહીં ૮મા પગાર પંચ લાગુ થાય ત્યાં સુધીમાં ઘણા ભથ્થાઓમાં પણ વધારો થવાની ધારણા છે. બેઝિક પગાર અને ડીએમાં વધારા સાથે એચઆરએમાં પણ સુધારો થઈ શકે છે. ટીએ, સીઈએ અને મેડિકલ અને ફિક્સ્ડ મેડિકલ ભથ્થામાં પણ વધારો થવાની અપેક્ષા છે. વધુમાં, ડ્રેસ ભથ્થું, જોખમ ભથ્થું અને કૌશલ્ય-આધારિત પગાર જેવા ભથ્થાઓમાં પણ સુધારો અથવા પ્રદર્શન-આધારિત સુધારા મળી શકે છે.

કૃષ્ણમૂર્તિના મતે, ૮મા પગાર પંચની ભલામણો ૨૦૨૭ સુધીમાં લાગુ થઈ શકે છે. જો સમય લંબાવવામાં આવે છે તો વર્તમાન માળખામાં વાર્ષિક પગાર વધારો ચાલુ રહેશે. સુધારેલી કારકિર્દી પ્રગતિ યોજના (MACPS) હેઠળ, ૧૦, ૨૦અને ૩૦ વર્ષની સેવા પૂર્ણ થયા પછી પગાર અપગ્રેડ ચાલુ રહેશે, પરંતુ રેક અપગ્રેડ કરવામાં આવશે નહીં. MACPS મેળવવા માટે "ખૂબ જ સારા" પ્રદર્શન બેન્ચમાર્કની જરૂર છે.

### ૨૭૨ સેલિબ્રિટીઓએ લખ્યો ખુલ્લો પત્ર

# રાહુલ ગાંધી પર લાગ્યો ચૂંટણી પંચને બદનામ કરવાનો આરોપ

## ૨૭૨ ભૂતપૂર્વ ટોચના અધિકારીઓ, ન્યાયાધીશો, રાજદ્વારીઓ અને લશ્કરી અધિકારીઓએ આરોપો લગાવ્યા

નવી દિલ્હી, તા.૧૯

૨૭૨ ભૂતપૂર્વ ટોચના અધિકારીઓ, ન્યાયાધીશો, રાજદ્વારીઓ અને લશ્કરી અધિકારીઓએ વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી સામે ગંભીર આરોપો લગાવ્યા છે. એક ખુલ્લા પત્રમાં, તેઓએ કહ્યું કે કોંગ્રેસ અને રાહુલ ગાંધી "ચૂંટણી પંચ સહિત બંધારણીય સંસ્થાઓમાં જનતાનો વિશ્વાસ ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે."

'Assault on National Constitutional Authorities' શીર્ષકવાળા આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક વિપક્ષી નેતાઓ 'ઝેરી વાણી-વર્તન' અને 'પાયાવિહોણા આરોપો' દ્વારા દેશની સંસ્થાઓને ખામીયુક્ત દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સહી કરનારાઓએ આરોપ લગાવ્યો હતો કે સૈન્ય, ન્યાયતંત્ર અને સંસદ પછી, કોંગ્રેસ હવે ચૂંટણી પંચને નિશાન બનાવી રહી છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીએ વારંવાર મત ચોરીના આરોપો લગાવ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ કે સોગંદનામું રજૂ કર્યું નથી. '૧૦૦% પુરાવા', હાઈડ્રોજન બોમ્બ' અને 'રાજદ્રોહ'ના તેમના દાવાઓને પણ 'પાયાવિહોણા' ગણાવવામાં આવ્યા છે. ભૂતપૂર્વ અધિકારીઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસ, વિપક્ષ અને સંલગ્ન NGO એ ચૂંટણી પંચને 'ભાજપની બી-ટીમ' કહીને વારંવાર બદનામ કર્યા છે, જ્યારે ECI એ સતત તેની પદ્ધતિઓ, ડેટા અને પ્રક્રિયાઓ જાહેર કરી છે. પત્રમાં જણાવાયું હતું કે કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસ, પ્રકાશિત ડેટા અને ગેરકાયદેસર નામો દૂર કરવાથી આવા આરોપોને ખોટા સાબિત થાય છે.

સહી કરનારાઓએ આને ચૂંટણી નિષ્ફળતાથી ઉદ્ભવતી હતાશા તરીકે વર્ણવ્યું હતું. તેમણે લખ્યું હતું કે, "જ્યારે નેતાઓ જનતાથી દૂર થઈ જાય છે, ત્યારે તેઓ પોતાની નબળાઈઓને બદલે સંસ્થાઓ પર હુમલો કરવાનું શરૂ કરે છે. વિશ્લેષણનું સ્થાન નાટક દ્વારા લેવામાં આવે છે. જાહેર સેવાનું સ્થાન જાહેર તમાશા દ્વારા લેવામાં આવે છે." પત્રમાં જણાવાયું હતું કે દેશ હજુ પણ ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ટી.એન. શેષન અને એન. ગોપાલસ્વામી જેવા વ્યક્તિઓને યાદ કરે છે, જેમણે લોકપ્રિયતા શોધ્યા વિના નિષ્પક્ષ અને કડક ચૂંટણીઓ યોજી હતી.

અંતે, પત્રમાં ચૂંટણી પંચને ડેટા જાહેર કરવાનું ચાલુ રાખવા, જરૂર પડે ત્યારે કાનૂની લડાઈ લડવા અને "પીડિત બનવાવાળી રાજનીતિ" ટાળવા વિનંતી કરવામાં આવી હતી. તેમાં રાજકીય નેતાઓને પુરાવા વિના આરોપો કરવાને બદલે નીતિઓ પર સ્પર્ધા કરવા અને ચૂંટણી પરિણામોને ઉદારતાથી સ્વીકારવાની પણ અપીલ કરવામાં આવી હતી.

### ગુરૂશિખરે -૫ ડિગ્રીથી બરફ છવાયો

# માઉન્ટઆબુમાં તાપમાન -૨ ડિગ્રી પહોંચતાં ધ્રૂજી રહ્યા છે લોકો

## કાતિલ ઠંડીથી સ્થાનિક જનજીવન પ્રભાવિત થયું

માઉન્ટઆબુ, તા.૧૯

રાજસ્થાનના કાશ્મીર ગણાતા હિલ સ્ટેશન માઉન્ટઆબુમાં ઠંડીનો પારો ગગડતા એકજ દિવસમાં બે ડિગ્રી નીચે આવતા તાપમાન માયનસ બે ડિગ્રીએ પહોંચ્યું છે. માઉન્ટઆબુ અને અરવલ્લીની સૌથી ઊંચી ચોટી ગણાતા ગુરૂશિખરમાં માયનસ પાંચ ડિગ્રી તાપમાન નોંધાતા સર્વત્રો બરફની ચાદર છવાયેલી જોવા મળી રહી છે. બરફીલા વાતાવરણને માણવા હજારો પર્યટકો પહોંચ્યા છે. જયારે કાતિલ ઠંડીથી સ્થાનિક જનજીવન પ્રભાવિત થયું છે.

રાજસ્થાનમાં હવે ઠંડીએ તેના આકરા તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે. સિરોહી, ચુરુ, શ્રી ગંગાનગર, હનુમાનગઢ સહિત અનેક મેદાની વિસ્તારોમાં સવાર-સાંજ ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. તાપમાનમાં ઝડપી ઘટાડો થતાં લોકોનું જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.

સવારે મોડે સુધી સૂર્યપ્રકાશ ન આવવાને કારણે ઓફિસે જતા લોકો અને શાળાના બાળકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. રસ્તાઓ પર વાહનો હેડલાઈટ ચાલુ રાખીને ચાલી રહ્યા છે. ઠંડીથી બચવા માટે લોકો તાપણાં અને ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે.

રાજયનું એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ આ દિવસોમાં સૌથી ઠંડું સ્થળ બન્યું છે. છેલ્લા બે દિવસથી અહીં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે જઈ રહ્યું છે. આજે (બુધવારે) સવારે પણ તાપમાન -૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું. તીવ્ર ઠંડીને કારણે વૃક્ષો, છોડ, વાહનો અને ઘાસ પર જામેલા ઝાકળના ટીપાં થીજી જતાં બરફ બની ગયા છે. નક્કી તળાવના કિનારે અને કેટલાક ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફની પાતળી ચાદર જોવા મળી હતી.

માઉન્ટ આબુ પહોંચતા પર્યટકો આ ઠંડા છતાં મનોરમ દ્રશ્યની મજા માણી રહ્યા છે. જોકે, તેજ ઠંડા પવનો અને માઈનસ તાપમાન તેમને પણ ધ્રુજાવી રહ્યા છે. હોટલ અને રિસોર્ટમાં રૂમ હીટર અને તાપણાંની માગ વધી ગઈ છે. હવામાન વિભાગે આગામી ત્રણ-ચાર દિવસ સુધી માઉન્ટ આબુમાં તાપમાન માઈનસમાં રહેવાની અને મેદાની વિસ્તારોમાં ધુમ્મસ સાથે ઠંડી વધુ વધવાની ચેતવણી આપી છે.

## અ.સૌ. ચતુરાબેન તથા ગીરીશભાઈ દેવશીભાઈની લાડલી દીકરી પ્રભુતામાં પગલા પાડશે

# વીજપડીમાં શનિવારે લાડુમોર પરિવારની લાડલી ચિ. આરાધનાનો લગ્નોત્સવ

### ભમ્મર નિવાસી અ.સૌ. પૂજાબેન તથા જીણાભાઈ હડીયાનાં સુપુત્ર ચિ. ધર્મેશ સાથે ચિ. આરાધના લગ્નગ્રંથીથી જોડાશે

### મંડપ મુર્હૂત શુક્રવારે સવારે, દાંડિયારાસ રાત્રિનાં ૯ કલાકે યોજાશે

### શનિવારે સાંજે ૭ કલાકે જાન આગમન અને ૧૦ કલાકે હસ્તમેળાપ યોજાશે

### સાધુ–સંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો નવદંપતીને આશીર્વાદ પાઠવશે

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલાનાં વીજપડી ગામે આગામી શનિવારને તા. ૨૨ નવેમ્બરનાં સાંજે અ.સૌ. ચતુરાબેન તથા શ્રી ગીરીશભાઈ દેવશીભાઈ લાડુમોરની લાડલી ચિ. આરાધનાનો લગ્નોત્સવ ભમ્મર નિવાસી અ.સૌ. પૂજાબેન તથા જીણાભાઈ ભીખાભાઈ




હડીયાનાં લાડલા ચિ. ધર્મેશ સાથે લગ્નોત્સવ યોજાશે. આ નવદંપતિને આશીર્વાદ પાઠવવા સાધુ–સંતો, મહંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે.

શુભ લગ્નોત્સવ અંતર્ગત શુક્રવારે સવારે ૮ કલાકે મંડ મુર્હુત, રાત્રિનાં ૯ કલાકે દાંડીયારાસ અને શનિવારે સાંજે ૭ કલાકે જાન આગમન અને રાત્રિનાં ૧૦:૧૫ કલાકે હસ્તમેળાપ યોજાશે.

આ લગ્નોત્સવમાં સાધુ– સંતો, મહંતો તેમજ રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાલા, બાબુભાઈ રામ, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી તેમજ મનુભાઈ બલદાણીયા (વાપી), ડાયાભાઈ સેલવાસ, હરિભાઈ નકુમ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

આ તકે આમંત્રિત મહેમાનોને ઉપસ્થિત રહેવા ગીરીશભાઈ અને અશોકભાઈ લાડુમોર પરિવારે અનુરોધ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અસલી સોનુ બતાવી**

આરોપીઓમાંથી એક ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા માણસે સોનાના હારમાંથી બે સોનાની કડી વેપારીને આપેલ હતી. અને કહેલ કે તમે સોનીને બતાવો સાચે છે.

જેથી આ વેપારીએ સોનીને તે કડી બતાવેલ હતી. અને સોનીએ જણાવેલ કે આ કડી સાચી છે. જેથી વેપારીએ આ અજાણ્યા આરોપીઓ પાસેથી સોનાનો હાર વેચાતો લેવા સમંત થયેલ હતાં. અને આરોપી સદરહુ હારના દસ લાખ કિમંત જણાવતો હોય, અને પરંતુ વેપારીએ રૂપિયા ૪,૦૦,૦૦૦ માં હાર માંગતા આરોપીઓએ રોકડા રૂપીયા લઈ અને આ હાર વેપારીને આપી દીધેલ હતો.

બાદમાં આ વેપારીએ ખરીદેલ સોનાનો હાર ત્યાંના સોનીને બતાવતા વેપારીને જાણવા મળેલ કે આ હાર તો ખોટો છે. અને આ અજાણ્યા આરોપીએ વેપારી સાથે વિસઘાત અને છેતરપીડી કરેલ જે અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) મુજબનો ગુન્હોની ફરિયાદ નોંધાયેલ હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.ડી. ચાવડાએ આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમને આરોપીને તાત્કાલીક શોધી કાઢવા સૂચના આપેલ હતી. જે અન્વયે સર્વેલન્સ ટીમ દ્વારા અલગ–અલગ દિશામા તથા અલગ અલગ સીસીટીવી દ્વારા તપાસ કરતા અને અજાણ્યા આરોપીઓ હોય, જેથી હ્યુમન તથા ટેકનીકલ સોર્સ આધારે આવા ગુન્હાઓ અમદાવાદની ગેંગ આચરતી હોય, આ સર્વેલન્સ ટીમ દ્વારા આ ગેંગના અમદાવાદમાં રહેતાં આરોપી અર્જુનભાઈ પુનમભાઈ મારવાડી, નરેશભાઈ પુનમભાઈ મારવાડી તથા રણછોડ ઉર્ફે બાંકીયો રામાભાઈ મારવાડી નામનાં ત્રણેય આરોપીને રોકડ રૂપીયા ૩,૩૭,૦૦૦, એક રીક્ષા કીમત રૂપિયા ૧,૧૫,૦૦૦, એક સાદો મોબાઈલ કીમત રૂપિયા ૫૦૦ મળી કુલ રૂપિયા ૪,૫૨,૫૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ આરોપીઓ અમદાવાદ મુકામે રહેતા હોય અને મુળ બનાસકાઠાના વતની હોય જેઓ મળી એક ઓટો રીક્ષા લઈ અને અલગ અલગ જીલ્લાઓના વિસ્તારોમાં જઈ અને સરકારી પડતર જગ્યાઓમાં ઝુંપડાઓ બાંધી વસવાટ કરી અને પ્લાસ્ટીકના ફુલોનો ધંધો કરતા હોય, અને રીક્ષા મારફતે અલગ અલગ શહેરો તથા તાલુકાઓમાં ફુલ વેચવાના બહાને આવી વેપારી તથા સામાન્ય માણસો સાથે ખોદકામ કરતી વખતે સોનુ મળી આવેલ હોય, તેવી લાલચ આપી અને વિસ કેળવી અસલ સોનાને સેમ્પલ તરીકે બતાવી અને બાદમાં ડુપ્લીકેટ સોનુ વેચી અને વિસઘાત તથા છેતરપીડી આચરી લોકો પાસેથી પૈસા પડાવતા હોવાની કબુલાત આપેલ છે.

ઝડપાયેલ આરોપીઓએ આજથી આશરે એક વર્ષ પહેલા ગોધરાની બાજુમાં આવેલ શેરા ગામમાં એક ભાઈને સોનાનો ખોટો હાર આપી તેમની પાસેથી રૂપીયા ૫૦,૦૦૦ લીધેલાની કબુલાત આપેલ હતી.

ગત દીવાળી આસપાસ અમદાવાદ વૈષ્ણોદેવી મંદીર આસપાસ એક મોબાઈલની દુકાન ધરાવતા વેપારીને સોનાનો ખોટો હાર આપી રૂપીયા ૭૫,૦૦૦ લીધેલાની કબુલાત આપેલ હતી.

બે વર્ષ પહેલા કડી ગામે વાસણના વેપારીને સોનાનો ખોટો હાર આપી રૂપીયા ૧,૦૦,૦૦૦ લીધેલાની કબુલાત આપેલ છે.

આશરે ત્રણેક વર્ષ પહેલા રાજસ્થાનના ભીમાર ગામે એક માણસને સોનાનો ખોટો હાર આપી રૂપીયા ૧,૦૦,૦૦૦ લીધેલાની કબુલાત આપેલ હતી.


સંકુલ મહિલા કોલેજ
MBA MCA B.Pharm
M.Pharm. B.Ed. PTC
PG DMLT પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થાપક:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા
શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 147


પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની શ્રીરંગ સોસાયટીમાં**

અમરેલી રોડ ગાયત્રી પાનની દુકાને પાનમાવો ખાવા ગયેલ હતાં. ત્યા જસદણ ગામે રહેતાં આરોપી દેવકુભાઈ ભગુભાઈ વાળા, લઘુવીર ગીડા તથા નાગરાજ રણજીતભાઈ વાળા સહિત ત્રણેય આરોપી એક સફેદ કલરની ફોરવ્હીલ ગાડીમાં આવી આરોપીઓએ યુવકને દુકાનના ઓટા ઉપરથી નીચે ખેંચી ગાળો આપી, એક આરોપીએ યુવકને પકડી રાખી બીજા આરોપીએ યુવકના બંને પગે તથા ડાબા હાથે પાઈપથી આડેધડ શરીરે તથા છાતીના ભાગે આડેધડ જીવલેણ ઘા મારી મારા જમણા પગની ઢાકણી તથા નળાના ભાગે તથા ડાબા હાથે ફેક્ચર જેવી ગંભીર જીવલેણ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

પાના ૧ ઉપરનું ચાલું **શહેરીજનોમાં બિછાનામાં ગોદડું**

ઉતરતા ઠંડીનું સામ્રાજય છવાયું. લોકો જો જરૂરી હોય તો ગરમ કપડાં ટોપો મફલર શાલ ઓઢીને બહાર નીકળતાં જોવા મળેલ. ખાસકરીને વહેલી સવારે શાળાએ જતા બાળકો પણ ગરમ કપડા સાથે શાળાએ જતા જોવા મળેલ.

આમ પણ તો આજે બપોર પછી પણ આકાશ સ્વચ્છ છે. પરંતુ ઠંડા પવનથી વાતાવરણમાં ઠંડી જોવા મળે છે. ખાસકરીને નાના બાળકો, વૃધ્ધો માટે આ વાતાવરણમાં થયેલ શિયાળાની જમાવટને કારણે ભારે પરેશાન જોવા મળેલ. આવા વાતાવરણમાં શરદી ઉધરસ અને શ્વાસ જેવા દર્દો માથું ઊંચકવા લાગે છે. ખાસ કરીને શિયાળામાં સ્વાસ્થ્ય સુરક્ષા માટે પણ ઘણાં લોકો વ્યાયામ કરતાં જોવા મળે છે. તો હવે વસાણાની સિઝન અડદિયા, ગુંદરપાકની માંગમાં વધારો જોવા મળેલ. તો વહેલી સવારે છ વાગ્યે પોતાના વ્યવસાય માટે જતાં લોકો પણ જાહેર રોડ પર કરેલ તાપણાં પાસે બેસીને ઠંડી દૂર કરવા પ્રયાસ કરતાં જોવા મળેલ.

## અમરેલી ખાતે દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

અમરેલી, તા. ૧૯

અમરેલી મહિલા દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૨/૦૨/૨૬ના રોજ પાંચમાં સર્વે જ્ઞાતિ સમુહલગ્ન ઉત્સવ અમરેલી ખાતે યોજવાનો છે. તો આ સમુહલગ્નમાં જોડાવા માંગતા હોય તે લોકો સંસ્થાનો સંપર્ક કરવો ફોર્મ ભરવાનું ચાલુ છે. ફોર્મ લેવાની છેલ્લી તા. ૧૫મી જાન્યુઆરી છે. તો આ સમુહલગ્નમાં અનાથ દિવ્યાંગ દિકરા–દિકરી હોય તેમના માટે વિનામૂલ્યે લગ્ન કરી આપવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં માણેકપરા વિસ્તારની**

ગત તા.૧૮ ના રોજ સવારે ૧૧:૧૦ વાગ્યે માણેકપરા રોડ ઉપર આવેલ હોસ્પિટલની સામે આવેલ બિલ્ડીંગમાં ચોથા માળે વેલ્ડીંગનું કામ કરતા હોય, ત્યારે તેઓ વાયર હટાવવા જતા તે ઉપરથી નીચે પડી જતા યુવકને માથા, મોઢામાં ગંભીર ઈજા થતા તેમનું સારવાર દરમિયાનમોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **લીલીયા મોટા પંથકમાં મંદિર ચોરીની**

રોડ પર આવેલ બિલડીધામ વિસ્તારમાં આવેલા મંદિરોમાં પણ તસ્કરો ત્રાટકયાની માહિતી સામે આવી છે. સતત મંદિરોને નિશાન બનાવવામાં આવતાં ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચતા ગ્રામજનોમાં ભારે રોષ છે.

ચોરીની ઘટનાં બાદ મંદિર ટ્રસ્ટીઓએ જણાવ્યું કે છેલ્લા ઘણાં સમય દરમિયાન મંદિરોને ટાર્ગેટ બનાવાના બનાવો વધી રહ્યાં છે. તસ્કરો ખાસ કરીને દાનપેટીને નિશાન બનાવવા રાત્રીના સમયે ત્રાટકે છે. મંદિર સંચાલકોએ વધારાની સુરક્ષા, લાઈટિંગ અને સીસીટીવી વ્યવસ્થા મજબૂત કરવાની માંગ કરી છે. પોલીસની વિશેષ ટીમ ઘટના સ્થળો પર પહોંચી તસ્કરોની હિલચાલ અને માર્ગની વિગત પણ ચકાસી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલાની શિક્ષક સોસાયટીમાં**

તેમણે ગત તા. ૧૩/૧૧/૨૦૨૪ના થી તા. ૧૩/૧૧ સુધીમાં રાજુલા તાલુકાનાં જુની બારપટોળી ગામે રહેતા આરોપી દિલુભાઈ કોટીલાનો સંપર્ક કરતા તેમની સાથે ફલેટના બદલામાં પ્લોટ લેવાનું અને ઉપરના નીકળતા રૂપિયા ૯ લાખ આપવા આરોપીએ કહેતા આ વૃધ્ધે આરોપીને રોકડા રૂપિયા ૯ લાખ આપેલ હતા. જેથી આરોપીએ વૃધ્ધને વિશ્વાસમાં લઈ અને ત્યારબાદ આરોપીએ પ્લોટનો દસ્તાવેજ નહી કરી આપી તેમજ વૃધ્ધે આપેલ રોકડા રૂપિયા નવ લાખ પરત નહી આપી હવે પૈસા ભુલી જવાનું કહી વૃધ્ધ સાથે આરોપીએ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં**

લગભગ ૮ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. આટલા મોટા પ્રમાણમાં ફરિયાદો મળતાં એસપી સંજય ખરાતે ખાસ સાયબર ટીમો બનાવી કામગીરી તેજ કરી છે. ગુનાઓ ડિટેકટ કરવા અને અરજદારોના ગુમાવેલા નાણાં પરત લાવવા માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે.

અત્યાર સુધી પોલીસને ગુમાવેલી રકમમાંથી ૭૦ લાખ રૂપિયા એટલે કે લગભગ ૧૦ ટકા રકમ અરજદારોને પરત અપાવવામાં સફળતા મળી છે. ઉપરાંત, ૪૨ જેટલી રૂબરૂ ફરિયાદો પણ પોલીસે નોંધાવી છે, જેમાં સીધા અરજદારો પોલીસ સ્ટેશનમાં આવી પોતાની ફરિયાદ નોંધાવે છે.

એસપી સંજય ખરાતે સાયબર ફ્રોડની પ્રક્રિયા સમજાવતાં જણાવ્યું કે ઘણા કિસ્સાઓમાં નાગરિકો અજાણી લિંક પર કિલક કરતા જ તેમના ખાતામાંથી રૂપિયા કપાઈ જાય છે. ખોટા વિડિયો અને સ્ક્રીનશોટ બતાવી શેર માર્કેટમાં ભારે પ્રોફિટના નામે રોકાણ કરાવવું, ખોટી એપીકે ફાઈલ મોકલી મોબાઈલ ડેટા ચોરી લેવા જેવી રીતોથી લોકો સાથે છેતરપિંડી થાય છે.

તેઓએ ખાસ યાદ અપાવ્યું કે સાયબર ફ્રોડ થાય ત્યારે તરત જ ૧૯૩૦ ઉપર કોલ કરવો, જેથી ટ્રાન્ઝેકશન આગળ ન જઈ શકે અને અમુક સમયમાં તે પરત મેળવવાની શકયતા રહે છે.

ભૂતકાળની ગંભીર ઘટના યાદ અપાવતા એસપીએ જણાવ્યું કે ખાંભામાં એક યુવતીએ ૨૬ લાખ રૂપિયા ગુમાવ્યા બાદ આત્મહત્યા કરી હતી, જે સાયબર ગુનાઓની ભયાનકતા દર્શાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી સૌથી જોખમી બાબત છે. કારણ કે એક વાર ડાઉનલોડ થતાં જ મોબાઈલની તમામ માહિતી સીધી ફ્રોડસ્ટર્સ સુધી પહોંચી જાય છે.

વધુમાં જણાવ્યું કે, એરપોર્ટથી ફોન આવ્યો છે અને ' ડિજિટલ અરેસ્ટ' કરવામાં આવીરહ્યા હોવાની ધમકી, પાસપોર્ટ નંબર અથવા પાર્સલના નામે ડરાવવું, ઓટીપી માગીને બેંક ખાતું ખાલી કરવું આ બધું સાયબર ગુનાખોરોની સામાન્ય પદ્ધતિ બની ગઈ છે.

એસપી સંજય ખરાતે વધુ એક મહત્વની ચિંતા વ્યકત કરી કે અમરેલી જિલ્લામાં ઘણા લોકો પોતાની બેંક પાસબુક અને એકાઉન્ટ ભાડે આપે છે. માત્ર આ મહિનામાં જ આવા ૪ કેસ સામે આવ્યા છે. કોઈ આવક ન હોવા છતાં એકાઉન્ટમાં મોટાપાયે પૈસા આવતા હોય છે. રાજુલા, બાબરા અને સાવરકુંડલામાં આવા ગેંગોને પકડી પાડવામાં આવ્યા છે તેમણે ચેતવણી આપી.

તમારૂં બેંક એકાઉન્ટ ભાડે આપશો તો તે ગુનાખોરી માટે વપરાય છે. આવી વિગતો રાજય અને કેન્દ્ર સરકાર સુધી પહોંચી જાય બાદ તમારૂં ખાતું સીલ થઈ શકે છે આ પણ કાયદેસર ગુનો છે.

જિલ્લા પોલીસ દ્વારા સતત સાયબર અવેરનેસ માટે શાળા, કોલેજો, વેપારીઓ અને સંસ્થાઓમાં સેમિનાર યોજવામાં આવે છે. લોકો કેવી રીતે ફ્રોડનો ભોગ બને છે તે ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવે છે.

અંતમાં એસપી સંજય ખરાતે નાગરિકોને આવેદન કર્યું "અજાણી લિંક, અજાણી એપીકે, અજાણ્યા ફોન–કોઈ પર પણ વિસ ન કરો. સાયબર સલામતી જ આજના સમયમાં આપના નાણાંની સૌથી મોટી સુરક્ષા છે."

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૧૯૦/૨૦૨૫

**અરજદાર :** શ્રી સોહલીયા જયંતિભાઈ ભીખાભાઈ
સરનામું : રહે. વડેરા, તા.જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.વડેરા તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વડેરા ગામમાં અરજદારશ્રી **સોહલીયા જયંતિભાઈ ભીખાભાઈ** તેઓના પુત્ર **સંદિપભાઈ જયંતિભાઈ સોહલીયાની મરણ (તા.૨૮/૦૫/૨૦૦૬)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૨–૧૧–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૧૦ | ૧૧૭૫ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૮૭૨ | ૧૩૦૩ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૫૬ | ૧૨૭૦ |
| ૪ | શિંગ મોટી | ૬૨૦ | ૧૩૫૬ |
| ૫ | શિંગદાણા | ૮૦૦ | ૧૨૭૫ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૩૦૦૦ |
| ૭ | તલ કાળા | ૨૬૫૦ | ૫૬૨૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૧૯૦ | ૨૩૨૫ |
| ૯ | બાજરો | ૩૦૫ | ૪૦૦ |
| ૧૦ | જુવાર | ૩૭૦ | ૯૫૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૪ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૧૬ | ૫૭૪ |
| ૧૩ | મગ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ૧૪ | અડદ | ૯૧૫ | ૧૧૧૧ |
| ૧૫ | ચણા | ૯૧૨ | ૧૨૦૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૦૮ | ૧૧૧૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૧૧૭ | ૧૪૧૦ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૨૦ |
| ૧૯ | કપાસ | ૯૦૦ | ૧૫૭૧ |
| ૨૦ | એરંડા | ૧૧૦૦ | ૧૨૯૨ |
| ૨૧ | જીરૂ | ૩૬૫૦ | ૪૦૦૦ |
| ૨૨ | ધાણા | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૨૩ | મેથી | ૯૪૫ | ૧૧૩૬ |
| ૨૪ | સોયાબીન | ૭૨૧ | ૯૦૯ |
| ૨૫ | રજકાનું બી | ૩૦૦૦ | ૭૫૫૦ |
| ૨૬ | કાંગ | ૪૩૫ | ૫૮૧ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૪ | ૧૫૦૧ |
| ૨ | કપાસ કોડી | ૯૭૬ | ૧૧૭૫ |
| ૩ | મગફળી | ૮૨૦ | ૧૨૬૦ |
| ૪ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૦ | ૧૫૧૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૨૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૦૭ | ૧૨૮૩ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૨૧૮૦ |
| ૫ | તલ કાળા | ૩૨૬૦ | ૪૬૭૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૪૫ |
| ૭ | જીરૂ | ૩૨૬૦ | ૪૦૬૦ |
| ૮ | ચણા | ૯૫૪ | ૧૧૫૬ |
| ૯ | સોયાબીન | ૭૮૮ | ૮૭૨ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૨૩૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૧૫ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૯૨૫ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૧ | ૨૩૩૫ |
| ૪ | તલ કાળા | ૩૮૦૦ | ૫૨૫૪ |
| ૫ | જીરૂ | ૩૬૦૦ | ૪૦૪૬ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૧૨ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૬૨૨ |
| ૧૦ | જુવાર | ૯૫૦ | ૧૧૬૬ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૨૪૧ |
| ૧૨ | ચણા | ૮૮૪ | ૧૧૦૦ |
| ૧૩ | મેથી | ૭૦૦ | ૯૦૦ |
| ૧૪ | સોયાબીન | ૭૫૦ | ૮૭૮ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | કપાસ કોડી | ૮૩૦ | ૧૧૯૫ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૧ | ૫૩૬ |
| ૫ | ચણા | ૮૫૫ | ૧૧૦૦ |
| ૬ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૭ | ધાણા | ૧૩૧૦ | ૧૪૮૬ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| ૯ | અડદ | ૭૬૦ | ૧૦૦૫ |
| ૧૦ | બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| ૧૧ | કાળા તલ | ૩૧૧૦ | ૩૪૮૦ |
| ૧૨ | સફેદ તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | તુવેર | ૧૨૨૬ | ૧૨૧૬ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૭ | ૫૬૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૪૯ |
| ૪ | અડદ | ૯૦૫ | ૧૦૭૫ |
| ૫ | ચણા | ૯૧૧ | ૧૦૪૩ |
| ૬ | ચણા સફેદ | ૯૫૧ | ૧૦૨૫ |
| ૭ | ચણા છોલે | ૧૪૧૦ | ૧૬૦૦ |
| ૮ | તુવેર | ૮૧૫ | ૮૫૫ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | મેથી | ૬૩૫ | ૭૦૧ |
| ૧૧ | લસણ | ૧૦૫ | ૫૨૫ |
| ૧૨ | ધાણા | ૧૩૫૫ | ૧૫૩૫ |
| ૧૩ | સોયાબીન | ૬૪૫ | ૯૨૧ |
| ૧૪ | તલ સફેદ | ૧૭૩૫ | ૨૩૨૫ |
| ૧૫ | સીંગફાડા | ૧૦૪૦ | ૧૧૭૦ |
| ૧૬ | મગફળી | ૭૦૦ | ૧૦૩૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૧૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૧ | ૨૩૨૫ |
| ૩ | તલ કાળા | ૩૮૦૧ | ૩૯૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૪૭૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૯૦ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૧૦૪૧ |
| ૮ | મકાઈ | ૪૬૬ | ૫૭૧ |
| ૯ | મગ | ૮૦૦ | ૨૦૦૧ |
| ૧૦ | મઠ | ૧૦૯૬ | ૧૦૯૬ |
| ૧૧ | અડદ | ૭૦૭ | ૧૧૫૩ |
| ૧૨ | તુવેર | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ૧૪ | મેથી | ૮૧૨ | ૧૦૫૨ |
| ૧૫ | સોયાબીન | ૬૬૧ | ૮૪૯ |

## ‘વિશ્વ શૌચાલય દિવસ’ નિમિત્તે ૧૦ ડિસેમ્બર સુધી ઝુંબેશ શરૂ કરાઈ

# અમરેલી જિલ્લામાં બંધ હાલતમાં રહેલ શૌચાલયને સુવિધા યુક્ત બનાવાશે

**સાસંદ ભરત સુતરીયાએ ''આપણું શૌચાલય, આપણું ભવિષ્ય'' અભિયાનનો કરાવ્યો પ્રારંભ**

**વ્યક્તિગત તથા સાર્વજનિક શૌચાલયને સુવિધા યુક્ત બનાવવામાં આવશે**

**‘સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ’ હેઠળ ભારત સરકારના જનશક્તિ મંત્રાલય દ્વારા જનજાગૃતિ શરૂ**

**જિલ્લાનો મુખ્ય મંથકના જાહેર શૌચાલયને સુવિધા યુક્ત બનાવાશે તો સારૂ કહેવાશે**






અમરેલી,તા.૧૯

સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાનેથી ‘ વિશ્વ શૌચાલય દિવસ’ નિમિત્તે આપણું શૌચાલય, આપણું ભવિષ્ય અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં તા.૧૯ નવેમ્બરથી તા.૧૦ ડિસેમ્બર સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરીને વ્યક્તિગત તથા સાર્વજનિક શૌચાલયને સુવિધાયુક્ત બનાવવા માટે જરૂરી કામગીરી કરવામાં આવશે.

‘સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ’ હેઠળ ભારત સરકારના જન શક્તિ મંત્રાલય દ્વારા તા.૧૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે સ્વચ્છતા અંગે જન – જાગૃતિ વધારવા માટે વિશેષ અભિયાન જાહેર કર્યું છે, તેના સુચારૂ અમલીકરણ માટે સાંસદ ભરતભાઈ સુતરીયાએ અધ્યક્ષ સ્થાનેથી જરૂરી માર્ગદર્શન અને સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, ઉપરાંત જિલ્લા પંચાયતના વિવિધ શાખાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્વચ્છ ભારત મિશન હેઠળ સરકારની સહાયથી શૌચાલય બનાવવા માટે ત્રણ લાભાર્થીઓને વહીવટી મંજૂરીના હુકમો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

આ અભિયાનના સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં ગ્રામ્ય સ્તરે તથા બસ સ્ટેન્ડ, બજાર વિસ્તાર, ધાર્મિક અને પ્રવાસન સ્થળો આંગણવાડી અને આરોગ્ય કેન્દ્ર ખાતે બંધ હાલતમાં હોય તેવા વ્યક્તિગત તથા સામુહિક શૌચાલયની ખરાઈ કરી તેમાં જરૂરિયાત મુજબનું સમારકામ કરીને સુવિધાયુક્ત બનાવવામાં આવશે, તેમ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### રાજુલા ખાતે યોજાયેલ કેમ્પમાં ૨૦૦થી વધુ વ્યકિતની આંખો ચેક કરાઈ

# એપીએમસી ટર્મિનલ્સ પિપાવાવે ૮ હજારથી વધુ આઈ કેર લાભાર્થીઓ સાથે ગ્રામીણ હેલ્થકેરને મજબુત કર્યુ

**વંચિત સમુદાયને ગુણવતા આઈકેર પ્રધાન કરવા કંપની મીશનને આગળ ધપાવે છે**

પિપાવાવ, તા.૧૯

એપીએમસી ટર્મિનલ્સ પિપાવાવે અમરેલીના સુદર્શન નેત્રાલય અને રાજુલાના ગાયત્રી પરિવાર ટ્રસ્ટના સહયોગથી તેની દ્વિમાસિક આઈચેક–અપ કેમ્પ દ્વારા ગ્રામીણોના આંખોના સ્વાસ્થ્ય પ્રત્યેની પોતાની કટીબદ્ધતાને આગળધપાવીછે. આ કાર્યક્રમ વર્ષ ૨૦૧૭થી ચાલી રહ્યો છે, જે પ્રદેશના ગ્રામીણોને સુવિધાજનક અને ગુણવત્તાયુકત આઈ કેર પ્રદાન કરે છે.પોર્ટની આસપાસના ૭૦થી વધુ ગામડાઓના ગ્રામજનોએ આ કેમ્પમાં ભાગ લીધો હતો, જેનાથી તે જિલ્લામાં સૌથી ટકાઉ અને પ્રભાવી ગ્રામીણ આઈ–કેર પહેલ પૈકીની એક બની છે. નવેમ્બરમાં આયોજિત કેમ્પમાં ૨૦૦ ગ્રામીણોની આંખની તપાસ થઈ હતી, જેમાં ૧૧૦ પુરૂષો અને ૯૦ મહિલાઓનો સમાવેશ થાય છે. નિદાન બાદ અમરેલીમાં સુદર્શન નેત્રાલય ખાતે ૫૬ મોતિયા અને અન્ય નાની સર્જરી કરાઈ હતી, જેનાથી દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓ ધરાવતા



વ્યકિતઓને સમયસર સારવાર મળી હતી.આ પહેલની શરૂઆતથી ૮,૦૦૦થી વધુગ્રામીણોને લાભ થયો છે, જેનાથી ઘણાં સિનિયર સિટિઝન, શ્રમિકો, ટ્રક ડ્રાઈવર્સ અને મર્યાદિત તબીબી સુવિધા ધરાવતા વ્યકિતઓની જીવન ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે.આ કાર્યક્રમના પ્રભાવ વિશે એપીએમ ટર્મિનલ્સ પિપાવાવના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ અગ્રવાલે કહ્યું હતું કે, ''સુવિધાજનક હેલ્થકેર ગ્રામીણ સમુદાયો માટે મહત્વપૂર્ણ છે તથા આઈ ચેક–અપ કેમ્પ સુનિશ્ચિત કરે છે કે ગ્રામજનો કોઈપણ પ્રકારના નાણાકીય અથવા લોજિસ્ટિકના ભારણ વગર સમયસર નિદાન અને સારવાર મેળવી શકે. ૮,૦૦૦ લાભાર્થીઓની સંખ્યા દર્શાવે છે કે ટકાઉ પ્રયાસો તથા સુદર્શન નેત્રાલય જેવા ભાગીદારોના સહયોગથી કેવી રીતે લોકોના રોજિંદા જીવનમાં અર્થસભર બદલાવ લાવી શકાય છે.આ પહેલ દ્વારા એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ સમાવેશક હેલ્થકેર પ્રત્યેની તેની કટીબદ્ધતાને આગળ ધપાવે છે અને ખાતરી કરે છે કે આઈ કેર જેવી આવશ્યક સેવાઓ વંચિત લોકો સુધી પહોંચે અને એકંદર સમુદાય વિકાસમાં ફાળો આપે.

---

## શાખાનાં પુષ્પો

આચાર્ય ચાણક્ય એક વખત કંઈક કામ કરી રહ્યા હતા ત્યારે એક મુલાકાતી તેને મળવા માટે આવ્યો. ચાણક્યે પોતાનું કામ પતાવી દીધા પછી સેવકને જે દિવો શરૂ હતો તે ઠારી દઈ બીજો દીવો કરવા કહ્યું. મુલાકાતીને આ વાત સમજાણી નહિ તેથી તેણે આનો ભેદ પૂછયો. જવાબમાં ચાણક્યએ કહ્યું કે, પહેલા હું રાજયનું કામ કરી રહ્યો હતો તેથી ત્યારે જે દિવો શરૂ હતો તેનું તેલ રાજયના ભંડારમાંથી વપરાતું હતું. અત્યારે હું અંગત કામ કરી રહ્યો છું આથી અત્યારે જે દિવો બળે છે તેનું તેલ મારાં અંગત પૈસા માંથી વપરાઈ છે. મારે મારાં અંગત કામ માટે રાજયના ભંડારનો ઉપયોગ

રજુઆત: **શ્રી અર્જુન ગઢિયા**
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

કરવો ન જોઈએ તેથી તે દિવો ઠારી બીજો દિવો કરાવ્યો છે.

સોડમ : પોતાનાં અંગત કાર્ય માટે દેશની સંપત્તિનો કયારેય ઉપયોગ ન કરવો જોઈએ એ આપણો નાગરિક ધર્મ છે.

---

# અમરેલી : કાર માટેની નવી સિરીઝ GJ. ૧૪ BL ૦૦૦૧–૯૯૯૯ની ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા. ૧૯

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકારની નવી સિરીઝ GJ ૧૪ BL ૦૦૦૧–૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૨૯ નવેમ્બર, ૨૦૨૫ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૯ નવેમ્બર, ૨૦૨૫ સાંજે ૪ કલાકથી તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા.૧ ડિસેમ્બર, ૨૦૨૫એ જાહેર થશે. ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે https://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

---

### યુવાનેતા મનિષ સંઘાણીની અધ્યક્ષતામાં

# લીલીયા ખાતે ૭૨મા સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમીનાર યોજાયો

**સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૧૯

ભારતીય રાષ્ટ્રીય સંઘના દિશા નિર્દેશો અનુસાર અને ગુજરાત રાજય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લામાં તારીખ ૧૪/૧૧/૨૦૨૫ થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત અમરેલી જીલ્લા સહકારી સંઘ અને લીલીયા ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સંયુકત ઉપક્રમે અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં મોટા લીલીયા ખાતે ૧૭/૧૧/૨૦૨૫ સહકાર સપ્તાહના ચોથા દિવસે ''ભારતની સહકારી પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય સહકારી નીતિ આર્થિક અને માળખાગત રોડમેપ બની રહેશે'' વિષય વસ્તુ પર સહકારી સેમિનારનું આયોજન કરવામા આવેલ.



આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.ના ઉપાધ્યક્ષ અરૂણભાઈ પટેલ, અમરેલી જીલ્લા સહકારી સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, યુવા સમિતિના ડાયરેક્ટર રાજભાઈ જાની, રવિભાઈ પંડ્યા, અમરેલી જીલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી અગ્રણીઓ અને સભાસદો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો દ્વારા વિષયને અનુરૂપ ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને અધ્યક્ષ સ્થાનેથી યુવા નેતા મનીષભાઈ સંઘાણી દ્વારા ''ભારતની સહકારી પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય સહકારી નીતિ આર્થિક અને માળખાગત રોડમેપ બની રહેશે'' તે બાબતે જાણકારી આપી હતી. ત્યારબાદ અમરેલી જીલ્લા સહકારી સંઘની કામગીરી અને પ્રશિક્ષણ બાબતે વિસ્તૃત માહિતી પૂરી પડી હતી.

---

# વડિયા ખાતે આત્મનિર્ભર ભારત અંતર્ગત મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન






તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડીયા

ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ દ્વારા ઈન્ટિગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ હેઠળ વડિયા ખાતે સુરગવાળા હાઈસ્કુલ તેમજ સરકારી આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસમાં મલ્ટી મીડિયા પ્રદર્શનનું આયોજન હાથ ધરાયું છે. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આયોજીત આ બે દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનું ઉદ્ઘાટન તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરાના હસ્તે વડીયા ગ્રામ પંચાયતના સરપંચ મનીષભાઈ ઢોલરીયા તેમજ તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. દેશના છેવાડાના માનવી સુધી સરકારની જન કલ્યાણકારી યોજનાઓની માહિતી પહોંચે અને નાનામાં નાનો વ્યકિત પણ સરકારની વિભિન્ન યોજનાઓનો લાભ લઈ શકે તેવા આશય સાથે વડિયામાં ભારત સરકારના માહિતી પ્રસારણ મંત્રાલય દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન એ ખરેખર સરાહનીય બાબત છે એવું જણાવતા તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈએ પ્રદર્શનના આયોજનને બિરદાવ્યું હતું. વધુમાં પ્રમુખે જણાવ્યું કે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી તેમજ વ્યકિતગત જીવનમાં સ્વદેશીને પ્રાથમિકતા આપવી તે જ આત્મનિર્ભરતા તરફનું પહેલું પગલું છે અને તેના દ્વારા જ આપણે વિકસિત ભારતના નિર્માણમાં પણ સહભાગી બની શકીએ છીએ. કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢનાં અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે વડિયા ખાતે આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશના નાગરિકોનાં જીવન ધોરણમાં સુખદ બદલાવ લાવતી તેમજ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતી સિદ્ધિઓની ઝાંખી કરાવતા બે દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન હાથ ધરાયું છે. કાર્યક્રમ અંગે વધુ જાણકારી આપતા કહ્યું કે આ કાર્યક્રમ અંતર્ગત આજથી બે દિવસ સુધી ડિજિટલ આકર્ષણો, સ્પર્ધાઓ, સરકારી યોજનાઓની જાણકારી આપતા વિવિધ વિભાગોનાં સ્ટોલ્સ, યોજનાકિય જાણકારી આપતું સાહિત્ય, નાટ્ય પ્રસ્તુતિ તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં એક જ સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અને અભિયાન અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવશે. કાર્યક્રમના ભાગરૂપે આઈસીડીએસ વિભાગ દ્વારા પૌષ્ટિક વાનગી નિદર્શન સાથે સંકલિત બાળ વિકાસ કેન્દ્રની પ્રવૃત્તિઓની માહિતી આપતા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ તાલુકા પંચાયત, મિશન મંગલમ વિભાગ દ્વારા સ્વદેશી બનાવટની ચીજ વસ્તુઓના નિદર્શન સહ વેચાણ તેમજ માહિતીસભર સ્ટોલ્સ પણ લગાવવામાં આવ્યા. તાલુકા આરોગ્ય વિભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તોરી દ્વારા સરકારની આરોગ્યલક્ષી યોજનાઓની જાણકારી સાથે મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય અભિયાનોમાં જનભાગીદારી વધે તે માટેના પ્રયાસો હાથ ધરતા વિભિન્ન કાર્યક્રમ યોજાયા. જે અંતર્ગત સરકારી કોલેજ, વડીયામાં વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધા, સુરગવાળા હાઈસ્કૂલમાં નિબંધ સ્પર્ધા તેમજ સદગુરૂ પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ પૂર્વ આયોજીત વિભિન્ન સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉદ્ઘાટન સમારોહમાં વડીયા સંકલિત બાળ વિકાસ કેન્દ્રના સીડીપીઓ ડિમ્પલબેન સાપરિયા, મેડિકલ ઓફિસર ડો. તૃપ્તિબેન, મિશન મંગલમના ટીએલએમ સેજલબેન, સુરગવાળા હાઈસ્કુલના આચાર્ય ડી.ડી. પાદરીયા તેમજ વડિયા તાલુકા અને ગ્રામ્યના પદાધિકારીઓ અને સામાજિક આગેવાનો અને સરકારના વિભિન્ન વિભાગના અધિકારીઓ તેમજ સરકારી આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રોફેસર અને હાઈસ્કુલના શિક્ષકો તેમજ વડિયાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## માત્ર ૧૧ મહિનામાં ૮ કરોડ રૂપિયાની છેતરપીંડીની ઘટના સામે આવી


# ઓહો...હો : અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં ૧૨૦૦ બનાવો

**APK ફાઈલો, સોશ્યલ મીડિયા ગૃપમાં શેર માર્કેટમાં વધુ નફો સહિતની લાલચ આપીને છેતરપીંડી કરાઈ**

**પોલીસ અધિક્ષક સંજય ખરાતે સાયબર ફ્રોડ રોકવા ૧૧ ટીમોની રચના કરી**

**૮ કરોડ રૂપિયામાંથી ૭૦ લાખ જેવી રકમ અરજદારોને પરત અપાવવામાં સફળતા મળી**

**સાયબર ફ્રોડની ઘટના બને તો તુરત જ ૧૯૩૦ નંબર પર કોલ કરી વિગતો જણાવવા અનુરોધ**



અમરેલી, તા. ૧૯

આજકાલ સાયબર ફ્રોડના બનાવો ઝડપી ગતિએ વધી રહ્યા છે. મોબાઈલમાં અજાણી લિંક્સ, આરટીઓના ચલણના નામે મોકલાતી એપીકે ફાઈલો, સોશ્યલ મીડિયા ગૃપોમાં શેર માર્કેટમાં વધુ પ્રોફિટનો લાલચ આપતી લિંકસ આ બધા માધ્યમો દ્વારા લોકોના બેંક ખાતાઓ ખાલી કરવામાં આવી રહ્યા છે. રાજયભરમાં સતત વધતા આવા બનાવોને ધ્યાનમાં લઈને પોલીસ તંત્ર સતત એલર્ટ રહેવા અને સાવધાની રાખવાની અપીલ કરે છે. અમરેલી જિલ્લામાં પણ છેલ્લા ૧૧ મહિનામાં સાયબર ક્રાઈમના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

અમરેલી જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સંજય ખરાત સાથે થયેલી ખાસ વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે છેલ્લા ૧૧ મહિનામાં કુલ ૧૨૦૦ જેટલા સાયબર ફ્રોડના કેસ નોંધાયા છે, જેમાં નાગરિકોએ મળીને

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી રાજુલા પોલીસની કામગીરી

# અસલી સોનુ બતાવી બાદમાં નકલી સોનુ પધરાવી દેનાર ગેંગને ઝડપી લેવાઈ

**૩ આરોપીની ૪.૫૨ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત**

અમરેલી, તા. ૧૯

રાજુલા ગામે ખોજા મસ્જિદ પાસે આવેલ મરચા બજારમાં રહેતાં હુસેનઅલી મુકતારઅલી અમીરી નામનાં વેપારીની રાજુલા ગામે આવેલ માર્કેટયાર્ડ સર્કલની બાજુની દુકાને ગત તા.૧૪ ના બપોરના આશરે અઢી વાગ્યાની આસપાસ અજાણ્યા આરોપીઓ આ વેપારીની દુકાને આવેલ અને કહેલ કે હું ખાડા ગાળવાનું કામ કરૂ છુ. અને મને ખાડો ગાળતી વખતે સોનાના ઘરેણા મળેલ છે. અને જે મારે વેચવા છે, જો તમારે વેચાતા



લેવા હોય તો કહો જેથી આ કામના

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં વાહન વ્યવહાર વધતાં અકસ્માતની ઘટના સતત બની રહી છે

# ખાંભાથી ચલાલા માર્ગ ઉપર મગફળી ભરીને જતો ટ્રક પલ્ટી જતાં વાહનવ્યવહાર ઠપ્પ

**સદ્નસીબે જાનહાનીની કોઈ ઘટના ન બનતા હાશકારો**



અમરેલી, તા. ૧૯

ખાંભા–ચલાલા રોડ પર મોટા સમઢિયાળાના નજીક એક મગફળી ભરેલો ટ્રક અચાનક પલ્ટી જતાં રોડ પર મગફળીની પથારી થઈ ગઈ હતી. આ અકસ્માતને કારણે થોડા સમય માટે બંને દિશામાં વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ થઈ ગયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, આજે ખાંભાના ટ્રક મગફળી ભરેલી ટ્રક ચલાલા તરફ જઈ રહ્યો હતો. ત્યારે કોઈ કારણોસર ડ્રાઈવરનું વાહન પર નિયંત્રણ છૂટી જતા ટ્રક રોડની વચ્ચે જ પલ્ટી ગયો. અકસ્માત એટલો અચાનક બન્યો કે પાછળ આવતા વાહનચાલકોને પણ બ્રેક મારવી પડી, પરંતુ સદભાગ્યે કોઈ મોટી દુર્ઘટના બની નહોતી.

ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસ સ્ટાફ અને સ્થાનિક લોકો સ્થળ પર પહોંચ્યા અને રોડ ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી. કેનની મદદથી ટ્રકને રોડની ધાર પર ખસેડવામાં આવ્યો, ત્યારબાદ થોડા સમયમાં ટ્રાફિક પાછો સામાન્ય થઈ ગયો.

સદ્નસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની કે ગંભીર ઈજા થઈ નથી, જેને લઈને સ્થાનિકોમાં હાશકારો જોવા મળ્યો છે. પોલીસ દ્વારા અકસ્માતના ખરેખર કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે.



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)